# સ્વાધ્યાય

सज्झायेण पसत्थं झाणं जाणइ अ सव्वपरमत्थं ।
सज्झाये वट्टोन्तो खणे खणे जाइ वेरग्गं ॥

સ્વાધ્યાયથી નિર્મળ ધ્યાન ઉપજે છે, સ્વાધ્યાયના યોગે સર્વ પરમ રહસ્યોનું જ્ઞાન થાય છે અને સ્વાધ્યાયમાં સદાકાળ રમનાર ભાવુક આત્મા ક્ષણે ક્ષણે વૈરાગ્ય ભાવમાં વૃદ્ધિ પામે છે.

स्वाध्याय दोहन-

વર્ષ ૧ લું. ] તા. ૧૫ માર્ચ સને ૧૯૪૧ [ અંક ૮

## શ્રી શાન્તિનાથ ભગવાનનું સ્તવન.

શાન્તિજીણંદ ભવિજન મન ધ્યાવે,
મન વંછીત ફલ તેહ જ પાવે. ॥શાન્તિ॥

અંતરજામી આતમરામી,
પર ઉપગારી તુમે કહાવો. ॥શાન્તિ૦॥ ૧ ॥

જ્ઞાનરયણ ભંડાર પ્રભુ તુમે,
સેવક દેતાં ખોટ ન આવે. ॥શાન્તિ૦॥ ૨ ॥

રત્નચિંતામણી હાથ જો પામી,
કાચ ઉપર કોણ મન ભમાવે. ॥શાન્તિ૦॥ ૩ ॥

અમૃત પાન લહે એકવાર,
અભ્યંતર રોગ દૂર હઠાવે. ॥શાન્તિ૦॥ ૪ ॥

તુજ સરિખો સાહેબ મુજ મળીયો,
તો કોણ મિથ્યાત્વી દેવને ધ્યાવે. ॥ શાન્તિ૦॥ ૫ ॥

દાનદઇ દયા મન લ્યાવો,
અમૃત વિમલ સુખ પામે. ॥શાન્તિ૦॥ ૬ ॥

પૂ. અમૃતવિજયજી

# તિથિચર્ચા અંગે ચાલી રહેલા પત્રોનું પરિણામ.

## ચર્ચાને કિનારે લાવવા ઘટતા પ્રયાસોની આવશ્યકતા.

તિથિચર્ચાના સ્વરૂપે આજે એવું રૂપ ધારણ કર્યું છે કે તેનો ઉકેલ કરવો એ બહુ ભારી છે અર્થાત્ અશક્ય નહિ તો અસંભવ તો વર્તમાન વાતાવરણમાં સૌ કોઇને લાગે છે.

ચર્ચા જે બે વચ્ચે ચાલતી હોય તેમાં કોઇએ માથું મારવું તે અનુચિત છે કારણ કે તેમ કરવા જતાં ચર્ચા ડખોળાઇ જાય છે. તિથિચર્ચામાં જ્યારે સૌ કોઇ ભાગ લેવા લાગ્યા એટલે ચર્ચાનું સ્વરૂપ બદલાયું. હવે તો આ ચર્ચા આખા સમાજની થઇ પડી. વાદી પ્રતિવાદી સિવાય બીજા લાગતાવળગતા પૂ. મુનિરાજોએ, પત્રકારોએ અને છેવટે શ્રાવકોએ પણ તેમાં ઝુકાવ્યું. આમ થતાં પક્ષાપક્ષી, ખેંચાખેંચી, હુંસાતુંસી વધી પડી અને ચર્ચાનું મૂળ સ્વરૂપ બદલાયું.

ચર્ચાનું મૂળ સ્વરૂપ બદલાયા પછી શું કરવાની આવશ્યકતા ઉભી થાય છે તે અમો ગતાંકમાં જણાવી ગયા છીએ છતાં ફરી જણાવીએ છીએ કે "સમાજનું સંગઠન બળ ક્ષીણ થતું જાય છે, શાસનની અવહેલના વધતી જાય છે, એકજ ઘરમાં કુસુંપનાં બી વવાતાં જાય છે ચર્ચા વધુ મચકોડાતી જાય છે તો પછી સમાજના માનવંતા અગ્રગણ્યોએ આવે સમયે કોઇ સુંદર માર્ગ શોધી કાઢવો જોઇએ. અમારા નમ્ર મંતવ્ય મુજબ કેવળ ચર્ચાને અટકાવી સૌ સૌને સ્વમાર્ગે જવા દઇ ખંડનાત્મક પદ્ધતિ છોડી રચનાત્મક શૈલીને અંગીકાર કરી ચર્ચાને સમેટી લેવાની આવશ્યકતા ઉભી થઇ છે.

ગમે તે રીતે નહિ સમેટી લેવાની ભાવનાવાળા મહાશયોએ સમાજના માનસ પ્રતિ નજર કરવાની રહે છે. ભલે એક બીજાના ચર્ચાત્મક લખાણોથી પક્ષ થોડે ઘણે અંશે પુષ્ટ બનતો હોય તોપણ સમષ્ઠિગતપણાનો પહેલો વિચાર કરવાનો વખત આવ્યો છે. સમાજનો મોટો ભાગ વિખુટો પડે છે. પ્રશ્ન થાય કે વિખુટાપણાના ભયથી સિદ્ધાંત જતો કેમ કરાય? પણ આમાં કોઇનાય સિદ્ધાંતને મૂકાવવાની વાત નથી. સિદ્ધાંતને જતો ન કરો પણ ફક્ત તે સિદ્ધાંત પોતા પુરતો રાખો એટલે આપોઆપ ચર્ચા મોળી પડશે અને સૌ કોઇનો સિદ્ધાંત સચવાશે. આ સિવાય શકય ઉપાય કોઇની પાસે હોય તો જણાવે.

જરૂર અમે માનીએ છીએ કે ધર્મના અર્થીજનોએ સત્યાસત્યને પૃથગ્ પાડી સત્યનોજ પ્રચાર કરવો જોઇએ અને એમાંજ પોતાનું અને પારકાનું ભલું સમાએલું છે. આમ હોવા છતાં ધર્મીના અર્થીજનોએ સાથેસાથે એ પણ વિચારવિનિમય કરવાનો છે કે જ્યારે સમાજમાં સત્યાસત્યની અથડામણ થાય અને તે

શેઠ હઠીસિંહની વાડી, અમદાવાદ

અથડામણી સમાજના જીવનધર્મને કોરી ખાય તેવી હોય; પૂર્વના મહાપુરૂષોએ દર્શાવેલી નીતિરીતિ પ્રમાણે વિચારોની આપ-લે ન થતી હોય ત્યારે ધર્મના અર્થીજનોની ફરજ છે કે અથડામણી રૂપેના લખાણને તેટલેથી જ અટકાવી વાસ્તવિક ને રચનાત્મક શૈલીએ પ્રચાર કરવાનો રહે છે.

બેઉમાંથી કોઇપણ પક્ષ પ્રશ્ન ઉઠાવે કે 'અમારા લખાણુમાં અથડામણીને ઉભું કરતું અમર્યાદિત શું છે? મર્યાદા ઓળંગતા હોય તેને કહો! અર્થાત્ નવા તુક્કા ઉભા કરતા હોય તેને કહો.' જવાબમાં જણાવવું જોઇએ કે તમો ક્યાં મર્યાદા ચૂકયા છો, ક્યાં ખેંચાખેંચી કરી છે, શું અંગત લખ્યું છે કે શું નથી લખ્યું તેનો સ્ફોટ કે સમજુતી આપવા જઇએ તો ચર્ચાના સ્વરૂપને વધારે ઉગ્ર બનાવવામાં અમે ભાગીદાર બનીએ, પણ એ ભાગીદારીમાં પડવું નથી ને સામાન્ય રીતે સમાજને લાભ થાય તેમ કરવા ફકત વિનવીએ છીએ. ગુન્હેગાર શોધવા જતાં અમે ગુન્હેગાર ન બની જઇએ એના માટે અમારે પૂરતી કાળજી રાખવાની રહે છે.

બાકી આરાધના કરવામાં ઘણી મુશીબતો ઉભી થઇ ગઇ છે. એકજ ઘરમાં પુરૂષ ચૌદશ કરે તો સ્ત્રી તેરશ કરે, એક લીલું શાક ખાય ત્યારે એક ઉપવાસ કરે, એક ઉપાશ્રયે ધર્મકરણી કરવા જાય ત્યારે બીજો સંસારની ક્રિયામાં રાચ્યો માચ્યો રહે. એકજ ઉપાશ્રયમાં એક ચૌદશ કરે ત્યારે બીજો તેરશ કરે આ બધું સમાજને છિન્નભિન્ન દશામાં વેરી નાંખવાનું કૃત્ય છે.

જો કે આવી રીતના ભાગલા પાડવા કોઇ રાજી ન હોય પણ તેમ કરવાના આચરણમાં તો જરૂર કચાશ લાગે છે. એટલે જ ખેંચાખેંચી વધી જાય છે ને પક્ષીય વાતાવરણ જામી જાય છે પછી પક્ષીય વાતાવરણમાંથી અર્ધ સત્ય લપેટાઇ જવાનો પુરેપુરો ભય છે એટલે જ સત્યને ગોપવવું નહિ પણ સત્યના પ્રકાશનમાં ખૂબ સાવચેતી તો રાખવાની રહે છે.

વચમાં કોઇ પ્રશ્ન કરી નાખશે કે આ બધું તો ઠીક પણ તમારા લખેલા પત્રોનું પરિણામ શું આવ્યું? અમારે પરિણામ જરૂર બહાર પાડવું જોઇએ અને સમાજને જણાવવું જોઇએ કે ચર્ચાના મૂખ્ય મહાશયો આ ચર્ચાને અટકાવવા માગતા નથી તો પછી આપણી પાસે બળજબરી જેવું કાંઇ નથી પણ સમાજને આવે સમયે શું કરવું એ એક મહત્વનો પ્રશ્ન છે.

ચર્ચાનો અંત નહિ આવવાનાં બીજાં પણ કારણો છે એકતો પાપભિરૂતાનો અભાવ ને બીજું કારણ દ્રષ્ટિરાગ. સમાજ આ બન્ને તત્વોથી કેટલેક અંશે ગ્રસીત બનેલો છે. પાપભિરૂતા જતી રહેવાથી ને દ્રષ્ટિરાગી બની જવાથી સારાસારની લાભાલાભની વિવેકશીલતા સૂઝતી નથી.

કામરાગ, સ્નેહરાગ ને દ્રષ્ટિરાગ તેમાં દ્રષ્ટિરાગ મનુષ્યને સત્ય શોધવામાં ને સત્ય આચરણમાં આડે આવનારો છે. અનર્થની પરંપરા વધતી ચાલે છે. ગુણાનુરાગી બનવાને બદલે મનુષ્ય દ્રષ્ટયાનુરાગી બની જાય ત્યારે વાસ્તવિક ભૂમિકામાંથી ખસી જાય છે એટલુંજ નહિ પણ દ્રષ્ટિરાગના અતિરેકથી ને પાપભિરૂતાના અભાવથી ભવભ્રમણમાં રૂલ્યા કરે છે

આજે પણ સમાજનાં સુંદર કામો કરવામાં દ્રષ્ટિરાગ આડો આવે છે

સમાજ, ત્યાગી મહાત્માઓને દ્રષ્ટિરાગથી નહિ પણ ગુણાનુરાગથી જુવે અને પૂજ્યભાવને વધારે તો પૂ સાધુ સંસ્થા પ્રત્યેની આપણી જે ફરજ છે તે આપણે બજાવીએ છીએ, બાકી તે વિના તો પ્રાકાંતર રીતે પણ ચૂકીએ છીએ.

એટલું નક્કી છે કે જગતપર ત્યાગી મહાત્માઓ જે ભલું કરી શકે છે તે અન્ય ગમે તેટલો શક્તિશાળી કે સમૃદ્ધિશાળી હોય તોપણ તે શક્તિમાન નથી. આ સૌ કોઈને કબુલવું પડશે. કોઇપણ સમાજ ત્યાગી મહાપુરૂષો વિના આગળ આવી શકયો નથી. અરે! હું તો એટલે સુધી કહું છું કે સમાજને સારી રીતે જીવવું હોયતો પૂ. સાધુ સંસ્થાને વધુ પ્રબળ, વધુ વિસ્તીર્ણ બનાવ્યા વિના ચાલશે નહિ.

આજે પણ જૈન સમાજમાં જેટલે અંશે સાહિત્યનો પ્રચાર સાહિત્યનું સંરક્ષણ, સંસ્કૃતિના પોષક તત્ત્વોનું પાલન, આર્યત્વની ભાવના, ઉદારતા, અહિંસાની વિશિષ્ઠતા વિગેરે જે કાંઇ જોવાય છે તે પૂ. શ્રમણ મહાત્માઓનેજ આભારી છે.

આવી ઉપયોગી સંસ્થા પ્રત્યે પણ આદરભાવ ઘટતો જાય છે તેનાં કારણો એક કરતાં વધુ છે અને તેમાં તિથિ-ચર્ચા એ પણ એક નિમિત્તભૂત કારણ જ છે તો અમારી સર્વ મહાશયો પ્રતિ નમ્ર અને આગ્રહભરી અરજ છે કે તેનું કાંઇ પણ નિરાકરણ લાવો અને સમાજને ઉન્નતિના શિખરે પહોંચાડો. એજ અભ્યર્થના.

**તંત્રીસ્થાનેથી.**

---

## ધાર્મિક શિક્ષકો જોઇએ છીએ

પાઠશાળામાં ધાર્મિક અભ્યાસ કરાવી શકે તેવા શિક્ષકોની જરૂર છે. અભ્યાસ લાયકાત તથા પગારસાથે લખી મોકલો.

**શ્રી વીતરાગ ધર્મ પ્રચારક જૈન સભા**
નાથા વોરાની શેરી, વઢવાણ શહેર.

## સાવધાન,

**ન**રોતમ નામની ઉંઝાની એક વ્યક્તિ ગામોગામ ફરી પાઠશાળા સ્થાપવાના બ્હાના નીચે ટીપનું ઓઠુ ધરી લાગ જોઇ દાગીના કે રોકડની ચોરી કરી ભાગતો ફરે છે પણ આવા માણસોને સરકારને હવાલે કરવા જોઇએ.

# આજ્ઞા.

લેખકઃ-
શ્રીચંદ્ર ઝીંઝુવાડાકર.

## પિતૃ આજ્ઞા ખાતર કવિ કુણાલ અંધ બને છે.
## એક રોમાંચિક પ્રકરણ.

આજનો માનવ સમુહ આજ્ઞાની અવગણનામાં આનંદ માનીને માણી રહ્યો છે, પણ આજ્ઞામાં રહી નહિ વિહરનારાઓ પોતાના જીવનને હીલોળે ચડાવી રહ્યા છે.

આજે આજ્ઞામાં રહેવું એ બંધન મનાય છે પણ બંધન વિનાનો માનવી સ્વૈરવિહારી બની જાય છે. જરૂર એટલું માનવું પડશે કે બંધન વિકાશ રૂંધનાર ન હોવું જોઇએ અર્થાત્ સત્કાર્યને આડે આવનાર ન હોવું જોઇએ તે વિનાનું બંધન આત્માને સ્થાનમાં રાખે છે.

આજ્ઞાનો જેટલે અંશે લોપ થાય છે તેટલે અંશે વિનય ગુણનો હ્રાસ થાય છે આજ્ઞા અને વિનયને નિકટનો સંબંધ છે. વિનયના અભાવમાં આજ્ઞા નથી રહી શકતી તેમ આજ્ઞાના અભાવમાં વિનય ગુણ રહી શકતો નથી. એક બીજા પરસ્પર સંકલીત અર્થાત્ એક બીજાનાં પૂરક છે.

આજ્ઞામાંજ પોતના જીવનનું ઘડતર છે. પણ આજે એ ભૂલાયું છે. એથીજ સમાજમાં સડો વધતો જાય છે કોઇપણ મનુષ્યે પોતાના આત્માને ઉન્નતમાર્ગે લઇ જવો હોય અને અધઃપતનથી બચાવવો હોય તો ગુરૂજનો કહે તેમ વર્તો અર્થાત તેમની નિશ્રામાં રહી સુંદર જીવન જીવી જાણો.

**આજ્ઞા એવ ધર્મઃ** આ વાક્યાનુસાર ચાલનારા ભવ્યાત્માઓ જ પોતાનું ને પારકું ભલું કરી શકે છે. બાકી આજ્ઞા શું છે? તે જેને જોવું નથી તેવા આત્માઓ બુદ્ધિના બળથી ભલું કરવા જતા નુકશાન કરી બેસે છે. ભલું કરવા જતાં ભુંડું ન થઇ જાય તેની પુરતી તકેદારી રહેવી ને રાખવી જોઇએ.

શાસ્ત્ર આજ્ઞા, ગુરૂઆજ્ઞા, માતપિતાની આજ્ઞા કે વડિલજનની આજ્ઞાથી સમાજ આજે પાછો હઠતો જાય છે કોઇ પણ વ્યક્તિનો કે સમાજનો આજ્ઞાના, સ્થાનમાં આવ્યા વિના વાસ્તવિક છૂટકારો તો છેજ નહિ કોઇ પણ મનુષ્ય આજ્ઞામાં આવ્યા સિવાય પોતાનો ઉદ્ધાર કરી શકયો નથી, કરી શકે નહિ, કરી શકશે નહિ.

આજ્ઞામાં રહેવું એને બંધન મનાય છે પણ ગુલામીથી જીવન જીવવું એને સ્વતંત્ર મનાય છે, આ એક ભ્રમ છે.

સ્વેચ્છાપૂર્વક જો આજ્ઞાનું આરાધન કે આચરણ થતું હોય તો માનવી મહામૂલ્યવાન જીંદગી જીવી પોતાના

આત્માને કૃતાર્થ કરી પરલોકના સુખોનો ભાગી કે ભોગી બને છે.

જ્યાં પોતાની સત્તા ચાલતી નથી ત્યાં માનવી કરાએલી આજ્ઞાને ઉઠાવી કાર્ય કરવા મંડી જાય છે પણ જ્યાં પોતાનું ચાલે છે ત્યાં તેમ કરવા આનાકાની કે ઉલ્લંઘન કરે છે.

હું આટલું સ્પષ્ટીકરણ કર્યા પછી આજે માતાપિતાની આજ્ઞાનો ચિતાર શબ્દોમાં ચિતરવા કલમને છૂટ આપું છું.

આ સ્થાને મારે લખવું જોઇએ કે મનુષ્યનો યુવાન થયા પછી માતાપિતા પરથી સ્નેહ ઓછો થતો જાય છે ને તેમને અવગણતો જાય છે.

માતપિતાનો અનહદ ઉપકાર હોવા છતાં તેને ભૂલી જઇ અને પોતાના ગુમાનમાં આવી જઇ તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું તે નર્યું બુદ્ધિનું લિલામ છે. આજ્ઞાનું ઉલ્લંઘનજ નહિ પણ આજની પુત્ર પુત્રીઓની પ્રવૃત્તિથી માતપિતાઓને ઘરના ખુણે આંસુઓને સારવાં પડે છે. જે એક વખતે માતપિતા જેની પાસેથી સુખની આકાંક્ષા સેવી રહ્યાં હતાં તે જ્યારે તેના બદલે દુઃખની આપત્તિમાં આવી પડે ત્યારે માતપિતાના હૃદયો કહ્યું કામ કરે ખરા?

માતપિતાની ઘડપણ અવસ્થા એ પુત્ર-પુત્રીઓને સેવા કરવાનો અવસર છે તેના બદલે આજે આપણે તેની જગ્યાએ શું જોઇએ છીએ? માતપિતા પ્રત્યેનું હલકું ને ઉલટું વર્તન જોવામાં આવે છે ત્યાં પછી આજ્ઞાની વાત તો કયાં જઇ કરવી? જોકે સાર્વત્રિક આમ ન હોય તેમજ કોઇ જગ્યાએ માતપિતાની ભૂલ ન હોય એમ પણ ન માનીએ છતાં આધુનિક સ્વૈરવિહાર પરિસ્થિતિ નજર સમક્ષ રાખી લખીએ તો આમાં કાંઈ નકલી નથી.


જોકે એક વખતના પુત્ર પુત્રી, સમયે માતપિતા બનવાનાં હોય છે અને તે જ્યારે પોતાની આજ્ઞાનું પાલન થતું નથી ત્યારે પછીના છોકરાઓની કે પ્રજાની ભૂલ કાઢે છે પણ જેટલે અંશે પોતાનામાં ઓછાશ તેટલે અંશે પોતાનેજ નડતર રૂપ હોય છે. ((અપૂર્ણ.)

## અપુર્વ મહોત્સવ

**શ્રી** કોલ્હાપુર ખાતે શ્રી જીનાલયની પ્રતિષ્ઠા અને અંજન શલાકાનો મહોત્સવ અપૂર્વ હતો પંદરથી વીશ હજાર ભાવીકોની હાજરી હતી.

મુળનાયક શ્રી મુનીસુવ્રત સ્વામિને ગાદીએ બીરાજમાન કરવાનો પહેલો આદેશ રૂા. ૩૫૦૦૦ હજારથી શેઠ શ્રી ચુનિલાલ માશીંગજીએ લીધો હતો. કુલ ઉપજ ૨૦૦૦૦૦ લાખની લગભગ થઇ હતી.

રથયાત્રાના વરઘોડાનો દેખાવ નોંધપાત્ર છે. અગીયાર બળદ જોડીનો એક ઇંદ્રધ્વજ, દશઘોડાની ગાડી, સો ઘોડેસ્વાર, ત્રણ હાથી, બે હાથી જોડેલ સલુન, કીડીની માફક ઉભરાએલા માનવસમુહનો દેખાવ ભવ્ય લાગતો હતો આથી મહારાષ્ટ્રમાં સુંદર પ્રગતિ થઇ છે.


શ્રીમાન્ હેમચંદ્રાચાર્યે સિદ્ધરાજ પ્રતી સામાન્ય ધર્મના
આચરણમાં દર્શાવેલ ચારિસંજીવિની ન્યાય


અપુત્રીયાની સંપત્તિના ન્યાય વિષે
કુબેરદત્ત શેઠનો પ્રસંગ

# ઉપદેશક દુહા.

સંગ્રાહક:-સૌમ્ય

શ્રાવક કીધે શું થયું, શ્રાવક તે નિરધાર;
શ્રદ્ધા સહિત વિવેકથી, સત્ય કાર્ય કરનાર. ૧

પંડિત તેહ પીછાણવો, સમજાવે નિજ પંડ;
સત્ય શિયલ ચુકે નહી, કદિ બને ન પ્રચંડ. ૨

સાધુ જગમાં છે ઘણા, સત્ સાધુ તે ધાર;
સાધ્ય સાધન જ્ઞાનમાં, સદા રહે હુંશીઆર. ૩

આવક હોય પાંચની, ખર્ચ પજાર કરનાર;
એવા નર ઉડાઉને, ગણો મુર્ખ શીરદાર. ૪

છે સહુ આ સંસારમાં, બે દિનના મેમાન;
આખર છોડી ચાલવું, માટે ભજ ભગવાન. ૫

સર્વ મંત્ર શિરોમણી, મંત્ર ખરો નવકાર;
ભાવ ધરી જપતાં હુવે, સુખ સંપતિ નિરધાર. ૬

દીધે ગાલી એક હે, પલટે ગાલી અનેક;
જો ગાલી દેવે નહિ, તો રહે એકની એક. ૭

લીલા ઝાડની ડાળીઓ, વાળે તેમ વળાય;
વળે મહેનતથી નહિ, જ્યારે તે સુકાય. ૮

કામ પડયાથી જાણીએ, જે નર જેવો હોય;
તાવ્યા વિના ખોટું ખરૂ, કહે સોનું ન કોય. ૯

એક એક અક્ષર વડે, જાણો ગ્રંથ વિચાર;
આંટે આંટે કાપતું, પૈડું કોશ હજાર. ૧૦

વિદ્યા રૂપી ધન તણું, અતિ આશ્ચર્ય જણાય;
ખરચ્યા વિણ ખુટી જશે, વધે જેમ વપરાય ૧૧

સ્વારથ કે સબહિ સગે, બિન સ્વારથ કોઇ નાહિ;
સરસ વૃક્ષ પંખી બસેં, નિરસ ભયે ઉડ જાહી. ૧૨

લજ્જા ગુણની માવડી, લજ્જા રિદ્ધિ નિધાન;
લજ્જા હિન જે માનવી, નહિ તસ જ્ઞાન ન માન. ૧૩

આપ બુદ્ધિએ સુંદર કહ્યું, તે સુંદર નવિ હોય;
જે ગુરૂ વચન થકી કર્યું, તે શાસન મેં સોહ. ૧૪

# —: વિદ્યાર્થી વિભાગ :—

## (પરિણામ.)

હરીફોને:—

**તા. ૧૫-૧-૪૧ ની એન્ટ્રીનું પરિણામ નીચે મુજબ.**

પરિણામ બહાર પડતી વખતે સ્વાધ્યાય માસીક શ્રી વીતરાગ ધર્મ પ્રચારક જૈન સભાનું થઇ ગયેલ હોવાથી પ્રવેશ પત્ર સાથે આવેલ ૦-૧-૦ ની ટીકીટ પાછી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તેમજ સાચાવાળાને રૂા ૨) ઇનામના જાહેર થયેલ તેને બદલે સાચાવાળા હરીફો વચ્ચે રૂા. ૧૨-૩-૦ વહેંચી દેવા તથા એક ભુલવાળાને ૦-૬-૦ વહેંચી દેવા કુલ રૂા. ૧૨-૯-૦નું ઇનામ આપવામાં આવે છે.

સાચાવાળાની સંખ્યા ૩૯ ની છે દરેકને ભાગે પડતા રૂા ૦-૫-૦ તથા મોકલેલ ટીકીટના ૦-૧-૦ મળી રૂા ૦-૬-૦ પોતપોતાની સગવડતા મુજબ મંગાવી લેવા જણાવીએ છીએ.

એક ભુલ વાળા ૩ હરીફો છે. તેમને પણ ભાગે પડતા ૦-૨-૦ તથા મોકલેલ ટીકીટના ૦-૧-૦ મળી રૂા. ૦-૩-૦ પોતપોતાની સગવડતાએ મંગાવી લેવા

હરીફાઇમાં કુલ ૪૨ હરિફોએજ ભાગ લીધેલ છે એટલે દરેકને આવેલ ટીકીટનો ૦-૧-૦ તથા ભાગે પડતું ઇનામ વહેંચવામાં આવ્યું છે કોઇ બાકી રહેતું નથી.

અજાણપણાથી કોઇનું નામ રહી ગયું હોય તેમણે તા. ૧-૪-૪૧ સુધીમાં જણાવી દેવું નવું પ્રવેશ પત્ર ભરી મોકલો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦ | ગી | ૦ | પા | ૦ | ૦ |
| ૦ | ર | ૦ | લી | ૦ | ૦ |
| ૦ | ના | ૦ | તા | રં | ગા |
| વ | ર | કા | ણા | ૦ | ૦ |
| ૦ | ૦ | વી | ૦ | ધો | ધાં |

તા. ૧૫-૧-૪૧ના પ્રવેશ પત્રનો સાચો જવાબ.

## સાચાવાળાના નામ

કાંતિલાલ ડી. શાહ પાલીતાણા
રમણુલાલ ભોગીલાલ શાહ ખંભાત
સુખલાલ રવજીભાઇ ઝીંઝુવાડા
રજનીકાંત એમ. શાહ ભરૂચ
જયંતકુમાર હરીલાલ ભરૂચ
મહાસુખલાલ મણીલાલ ધંધુકા
ચંદુલાલ લક્ષ્મીચંદ વઢવાણ શહેર
મણીલાલ ગુલાબચંદ વઢવાણ કેમ્પ
તલકશી કેવળશી ઝીંઝુવાડા
ચંદ્રકુમાર જયંતિલાલ સાણંદ
રજનીકાંત કેશવલાલ અમદાવાદ
ઇંદ્રકુમાર કાંતિલાલ સાણંદ
પ્રેમચંદ અનોપચંદ વાપી
નવીનચંદ ભોગીલાલ મુંબાઈ
છગનલાલ વમલચંદ મોદી જંબુસર
મુગટલાલ [redacted] ઢવાણ કેમ્પ
અમૃતલાલ નાગરદાસ વઢવાણ શહેર
તલકચંદ લાલચંદ વાપી
સુરેંદ્રકુમાર ખેતસીભાઇ ઝીંઝુવાડા
જયંતિલાલ ધરમચંદ વાપી
હસ્તીમલ કૃષ્ણાજી વાપી
કુમારપાળ ભોગીલાલ મુંબાઇ
હિંમતલાલ હરજીવન વઢવાણ શહેર
બાબુભાઈ નેમચદ વાપી
ચંપકલાલ ધરમચદ વાપી
રસીકલાલ જગાભાઇ અમદાવાદ
રતિલાલ કેશવલાલ વઢવાણ શહેર
નટવરલાલ ટી શાહ ભરૂચ
ધીરજલાલ ભાઇલાલ ઝીંઝુવાડા
નરસીંહ વસ્તાભાઈ ઝીંઝુવાડા
હીરાલાલ ફુલચંદ અમદાવાદ
રમણુલાલ દલીચંદ આમોદ
સોભાગ્યચંદ કસ્તુરચંદ વાપી
કંચનબેન ચુનીલાલ જંબુસર
મોતીબેન લક્ષ્મીચંદ મુંબઇ
શાંતાબેન ત્રંબકલાલ વઢવાણ શહેર
જડાવબેન કસ્તુરચંદ વાપી
હસમુખબેન તારાચંદ વાપી
રમણુલાલ લાલચંદ વાપી

---

### એક ભૂલ

ભોગીલાલ શીવલાલ વઢવાણ શહેર
કાંતિલાલ જેશીંગભાઇ ઝીંઝુવાડા
સોમચંદ મોહનલાલ ઝીંઝુવાડા

---

**સ્વાધ્યાય કાર્યાલયનું નવું સરનામું:—**

શ્રી વીતરાગ ધર્મ પ્રચારક જૈન સભા

નાથા વોરાની શેરી,

—વઢવાણ શહેર.

# ઈનામી હરિફાઈ.

પ્રવેશપત્ર ભરી મોકલવામાં કોઇપણ જાતની ફી રાખવામાં આવી નથી.

પહેલું ઇનામ રૂા. ૧૦. બીજું ઇનામ રૂા. ૫. ત્રીજું ઇનામ રૂા. ૩.

નિયમો વાંચ્યા પછીજ પ્રવેશપત્ર ભરવું.

૧ આ હરિફાઇમાં સહુ કોઇ ભાગ લઇ શકે છે.

૨ પહેલું ઇનામ સાચાવાળાઓને વહેંચી દેવામાં આવશે.

૩ બીજું ઇનામ એક ભુલવાળાઓને વહેંચી આપવામાં આવવશે.

૪ ત્રીજા ઇનામના રૂા. ૩ ના પુસ્તકો બે ભુલવાળાને વહેંચી દેવાશે.

૫ સાચા જવાબનું કવર સ્વાધ્યાય ઓફીસમાં શીલબંધ છે.

૬ શીલબંધ કવરમાં જે જવાબો હશે તે મુજબના જવાબોજ સાચા જવાબ ગણાશે.

૭ પ્રવેશપત્ર સ્વાધ્યાયના આ અંકમાં છાપેલું મુકયું છે તેજ કામ આવશે.

૮ કોરા કાગળ ઉપરનું કે ચેકચાકવાળું પ્રવેશપત્ર રદબાતલ ગણાશે.

૯ સ્વાધ્યાય ઓફીસના સ્ટાફના કોઇપણ માણસો આ એન્ટ્રીમાં ભાગ લઇ શકશે નહી.

૧૦ સ્વાધ્યાય કાર્યાલયનો નિર્ણય છેવટનો અને બંધનકર્તા ગણીને જ આ હરિફાઇમાં ભાગ લેવો.

૧૧ પરિણામ તા. ૧૫–૪–૪૧ ના માસિકમાં પ્રગટ કરવામાં આવશે.

---

## તા. ૧૫–૩–૪૧ ના અંકનું એન્ટ્રી કુપન.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ (૧) મ | (૨) | વી | (૩) ર | પ્ર | (૪) ભુ |
| ૨ | ર | ■ | | ■ | |
| ■ | ■ | (૫) ક | ■ | ૩ (૬) | ળ |
| ૪ (૭) ચ | (૮) ઉ | | (૯) હા | ર | ■ |
| ૫ ર | | ■ | | ■ | (૧૦) |
| ૬ | ળાં | ■ | ■ | ૭ | ર |

આ કુપન કાપીને જ મોકલો.

નામ ________________________

ઠેકાણું ________________________

ગામ ________________________

## આડી ચાવીઓ.

૧ છેલ્લા તિર્થંકરનું નામ.

૨ ઉત્તમ............ધારે તે કરી શકે.

૩ એક સતિના પતીનું નામ.

૪ જેનું ફળ એક માસમાં પંદર ઉપવાસનું થાય છે.

૫ સતી સીતાપર મોહ ધરવાથી રાજા રાવણના દશ શીર....માં રોળાયા હતા.

૬ કુ........બાળકના મગજને જેમ વાળો તેમ વળી શકે.

૭ ઉત્તમ પુરૂષે કોઇપણ માણસપર....ન રાખવું જોઇએ.

## ઉભી ચાવીઓ.

૧ શાસ્ત્રમાં જેને મર્કટની ઉપમાં આપી છે.

૨ પુષ્પની માળા.

૩ દરેક જીવની........સાધુઓ સારી રીતે કરી શકે છે.

૪ પ્રભુ જ્યારે........પર વિચરતા ત્યારે વૃક્ષો પણ તેમને નમતા.

૫ પ્રવચનના આઠ પ્રભાવકોમાં....આઠમાં પ્રભાવક છે.

૬ આડી ચાવી નંબર ૨ ના જવાબ સાથે આ જવાબ મળતો છે.

૭ ........કેવળી જંબુસ્વામી છેલ્લા મોક્ષે ગયા છે.

૮ જેના મન........હોય તેજ ધર્માત્મા જાણવા.

૯ ........વિનાના માણસો કાંઇ કામ કરી શકતા નથી.

૧૦ ....મનુષ્યોજ ધાર્યું કામ કરી શકે છે.

---


## દીર્ઘદૃષ્ટી.

—:વાંસી ચોખામાં આવતી:—

**હંસછાપ રજીસ્ટર્ડ નં. ૧૧૬૩ની જાત સૌ કોઇ પસંદ કરે છે. તેની પસંદગીનાં કારણો આ રહ્યાં:-**

**ભરપુર મીઠાશ, ઉત્તમ ક્વોલીટી, પોષક તત્ત્વો,** ઉપરાંત ગેરંટેડ હાથછડના હોઇ બીજા કોઇ પણ ચોખા કરતાં વધુ ચઢીઆતા છે, જેથી વાપરનારાઓની આરોગ્યતામાં વિશેષ ગુણકારી છે **દીર્ઘદૃષ્ટીવાળાં કુટુંબો** હંમેશાં **હંસછાપ** રજીસ્ટર્ડ નં. ૧૧૬૩, વાપરે છે તમો તમારા વહેપારી પાસેથી

**હંસછાપ રજીસ્ટર્ડ નં. ૧૧૬૩ની માગણી કરો.**

મોકલનાર.

**શાહ સોભાગ્યચંદ શીવલાલ.**

**નૌગઢ. પોષ્ટ, તેતરી બજાર.**

**(જીલ્લા, બસ્તી)** બી. એન. ડબલ્યુ. રેલ્વે.

# વિદ્યાર્થી વિભાગ (ચાલુ).

## ટુંકી પ્રશ્નોત્તરી

સૌથી મોટો રોગ કયો? ચિંતા.
ભિખારીની દોલત શું? આજીજી.
અજ્ઞાનીના ઘરમાં મોટું કોણ? વ્હેમ
દુધથી ઉજળું કોણ? સપુત
કાજળથી કાળું કોણ? કપુત
સૌથી ગળી ચીજ શું? ગરજ

## —કહેવતોનો સંગ્રહ—

૧ એક જુઠા માટે સો જુઠાં શોધવા પડે
૨ ઉપરકી તો અચ્છી પણ ભીતરકી રામ જાણે.
૩ બત્રીશ ઠોકરો ખાય ત્યારે બત્રીશ-લક્ષણો થાય.
૪ ક્ષમારૂપી તલવાર પાસે હોય તો દુશ્મન શું કરે?
૫ ચેતના મુખી સદાય સુખી.
૬ સત્ય ગયું તો સર્વ ગયું.
૭ અતિશય સર્વ અસાર
૮ પાપ પાણીમાં બોલે છે.

---

### વચનની મહત્તા

વેણુ થકી જણાય છે, ખાનદાન નાદાન;
એડુ પંડિત ખારવા, અવગુણી કે ગુણવાન.

### ઐક્યતા.

છે ભીન્નતામાં ખીન્નતા,
ને એકતામાં દિવ્યતા;
ચાલે કદી જો દિવ્યતા,
તો પૂર્ણ સાધો એકતા.

### સુવાક્યો,

(૧) તું પૈસાપાત્ર થાય નહિ તો તેની ચિંતા કરીશ મા પણ પ્રમાણિક પણું કદી છોડીશ નહિ.

(૨) વખત સારો નથી એમ કહેવા કરતાં, આપણું આચરણ સારૂં નથી એમ કહેવું વધારે સારૂં છે

(૩) તારી પ્રકૃતિને લીધે તારાથી સારૂં કામ થાય નહિં તો તેની ચિંતા કરીશ નહિં, પણ તું આખી જીંદગીમાં માઠું કાર્ય કરીશ નહિ, કે જેથી લોકોમાં તારી નિંદા થાય કે માણસો તને હસે.

(૪) જે કાલે કરવાનું છે તે આજ કર, આજ કરવાનું હોય તે હમણાં કર, કારણ મૃત્યુ જોતું નથી કે આ પુરૂષે કાર્ય કર્યું નથી, અને આનું કામ અધુરૂં છે.

(૫) ચઢતીના સમયમાં જ મનુષ્યે પડતીના દિવસો નિર્ગમન કરવાને તૈયારી કરી રાખવી જોઈએ.

(૬) પૈડાની ધાર પેઠે એકવાર નીચે અને એકવાર ઉપર એમ મનુષ્ય માત્રની દશા થયા કરે છે.

સં કાન્તિલાલ જે.

# ચોરી કરતો ચોર

લે.—બાળપ્રેમી.

કેસરી નામના છોકરાને નાનપણથીજ ચોરી કરવાની કુટેવ પડેલી એટલે તે ગામમાં પણ "કેસરી ચોર" નામે ઓળખાતો.

ચોરી કરવાથી રાજાએ દેશનિકાલની શિક્ષા કરી.

એક વખતે કોઈ પુરૂષ આકાશ માર્ગેથી તળાવમાં ઉતર્યો તે કેસરી ચોરે પોતે જોયો.

ચોરી કરવાનો લાગ જોઇ આકાશ-માર્ગે ઉતરેલા પુરૂષની પાદુકા પહેરી આકાશમાર્ગે ઉડી ગયો.

આકાશમાર્ગે વિહરતાં પોતાના જ ગામમાં પાછો આવ્યો.

ગામમાં ચોરી કરી પાછો આકાશ-માર્ગે ચાલ્યો જાય.

ચોરને પકડવો કેવી રીતે તે પણ મુશીબત ઉભી થઇ

ગામમાંથી રાજા પાસે ચોરની બૂમ-રાણ આવવા લાગી.

એક વખતે રાજાના ભંડારમાં હાથ માર્યો. રાજાને તો ચિંતા વધી પડી હવે આને કોઇ રીતે પકડવો.

રાજા તે વિચારમાં નદીના કિનારાપર આવેલા ચંડિકા દેવીના મંદીરે આવ્યો છે ત્યાં આ બાજુ આ ચોર પણ ત્યાં દેવીની પૂજા કરવાને આવ્યો છે.

સમય સૂચકતા વાપરી રાજાએ પેલી એક પાદુકા લઇ લીધી. હવે ચોર ભાઇને ઉડવું ભારે થઇ પડયું.

મૂંઝવણ વધવા લાગી પણ તેવામાં એક મુનિ ત્યાંથી નિકળ્યા ત્યારે બચવાનો રસ્તો પૂછયો, જ્ઞાની ગુરૂવરે સામાયિક કરવાનું ફરમાવ્યું અને સામા-યિકનું ફળ સમજાવ્યું સામાયિક કરવાવડે કેવળજ્ઞાનને પ્રાંતે પ્રાપ્ત કર્યું, છેવટે ભુતળપર વિચરી અનેક જીવો ઉપર ઉપકાર કર્યો. પશ્ચાતાપ વડે પોતાના કર્મોને ક્ષીણ કર્યાં

રાજા પણ સામાયિકનું આવું ફળ જાણી સામાયિકનો રાગી બન્યો.

---

# સમશ્યાઓ.

## જવાબ પછી જોજો પહેલાં બુદ્ધિથી વિચાર કરો !

૧ ત્રણ અક્ષરનું એક નામ છે. પહેલો અક્ષર કાઢી નાખીએ તો તેના વડે રાજા શોભે છે, બીજો અક્ષર કાઢી નાખીએ તો તેના વડે સ્ત્રી શોભે છે અને છેલ્લો અક્ષર કાઢી નાખીએ તો વિદ્વાનોને તે બહુ પ્રિય હોય છે, તો તે નામ શોધી કાઢો. જ—**વાદળ**

૨ આ નામ ભગવાનના નામ બદલે વપરાય છે અને તે નામના અક્ષરના અંકો કરીએ અને તે બધા અંકોનો સરવાળો કરીએ તો તેનો સરવાળો ૨૪ થાય છે તો તે નામ શું? જ—**પરમાત્મા**

૩ આ નામ તિર્થંકરનું છે. ત્રણ અક્ષરનું છે. પહેલો અક્ષર કાઢી નાખીએ તો તે વસ્તુ એત્રણ રંગની હોય છે. બીજો અક્ષર બાદ કરીએ તો તે ધર્મી પુરૂષના અલંકાર રૂપ છે. છેલ્લો અક્ષર બાદ કરીએ તો તેના ઝપાટામાં આવનાર દર્દિ મહા મુશીબતે સાજો થાય છે. તો તે કયા તિર્થંકર પ્રભુ? જ—**શીતલ**

૪ આ નામ પણ ત્રણ અક્ષરનું છે એનો પહેલો અક્ષર ન હોય તો બાળકોને એ શબ્દ તેની માતા વારંવાર કહે છે, બીજો અક્ષર ન હોય તો ઓછું થવાનું જણાવે છે, છેલ્લો અક્ષર ન હોય તો તેના વિનાના માણસો બહુજ મુંઝાય છે તે નામ શું? જ—**કરમ**

૫ આ નામ એક અક્ષરનું છે અને આખા જગતનું કલ્યાણ સમાયે છે અક્ષર શોધી કાઢો. જ—**શ્રી.**

વિજય નેમિસૂરિ-

---

## પાલીતાણાની ધર્મશાળાઓ અંગે

આ અંગે છાપાઓમાં ઘણી વખતે ચર્ચાઓ લખાય છે છતાં તેનો કંઇ રસ્તો થતો નથી એ ઉપર બહુ વિચાર કરતાં મને નીચેનો રસ્તો સુજ્યો છે. તે પ્રમાણે કરવા ધર્મશાળાના માલીકોને વિનંતી છે અને તેમ થશે તો તે પ્રશ્નનો નિકાલ થઇ જશે.

ધર્મશાળાના માલીકો પોતાની માલીકી ભલે પોતે રાખે પણ તેનો વહીવટ અથવા દેખરેખ આણંદજી કલ્યાણજીને સોંપે અને આણંદજી કલ્યાણજી જેવી રીતે બીજા કામો કરે છે તેમ આપણ કરે કારણ કે યાત્રાળુઓને લગતું હોવાથી તે તેઓનું કામ છે. આમ કરવાનું કારણ એ છે કે ધર્મશાળાના માલીકો દુર રહેતા હોવાથી આ કામ બરોબર કરી શકે નહીં એટલે મુનીમો મરજી પ્રમાણે વર્તે. જ્યારે આ. ક. ના સ્થાનિક મુનીમની ત્યાં હાજરી રહી, એટલે મુનીમો ઉપર ચેક રહી શકે. તેનો દાખલો જસકુંવરની ધર્મશાળા. તે ધર્મશાળા આ. ક. ને સોંપાઇ છે એટલે તેની વ્યવસ્થા બરાબર રહી શકે છે.

લે **પારી મણીલાલ ખુશાલચંદ પાલણપુર**

---

श्री थाणा तिर्थोद्धार स्मारक ग्रंथ.

—चैत्र शुद एकमना मांगलिक दिवसे बहार पडशे —

# श्री श्रीपाळ राजाना रासनुं अपूर्व प्रकाशन.

**थाणानगरमां बंधाता ऐतिहासिक नवपदजी मंदिरनी भींतो उपर कोतराता ५१ चित्रोनो समावेश आ रासमां करवामां आव्यो छे.**

क्रिया सहित ओळी करनाराओ माटे नवे दिवसनी संपूर्ण आराधन विधि, स्तवनो, सज्झायो, स्तुतिओ, चैत्यवंदनो तेमज श्री नवपदजीनी पूजा विगेरेनो तेमज उपाध्याय श्री विनयविजयजी महाराजानो रास अने तेनो अनुवाद रसमय शैलीए उपरोक्त चित्रो सहित लगभग ६० फर्मानो मोंघा मूल्ये तैयार थतो आ ग्रंथ दानवीर रा. सा. शेठ रवजी सोजपाल तेमज शेठ पदमशी प्रेमजी, श्री थाणा जैन संघ अने अन्य गृहस्थोनी सहायताथी, अन्य रासोनी किंमतेज एटले मात्र रा ३-८-० नी किंमते एटला माटे बहार पाडवामां आवे छे के जेना योगे श्री थाणामां थता तिर्थोद्धारनो ख्याल आ ग्रंथना वाचकोने थाय अने तिर्थोद्धारना कार्यमां हजी घणी मोटी रकमनी जरूर छे तेमां पण लाभ थाय.

छूटक वेचाणो माटे तात्कालीकमां आ ग्रंथनी मात्र ५०० नकलो ज तैयार थएल होवाथी, तेना ओर्डरो नीचेना स्थळे नोंधाववा खास अरज छे.

सस्ता साहित्य तरीके आ रासनुं प्रकाशन झवेरी मंगलदास त्रिकमदास स्थापित प्राचीन साहित्य संशोधक कार्यालय तरफथी थतुं होवाथी जैन समाज तेने जरूर वधावी लेशे.

—:ओर्डरो नोंधावयवाना स्थळो:—

| | |
|---|---|
| १ रा. सा. शेठ रवजी सोजपाल<br>ठे. शांति निकेतन,<br>**मांटुंगा** (जी. आइ. पी. रेल्वे) | २ शेठ पदमशी प्रेमजी,<br>ठे. काथाबजार, मांडवी,<br>**मुंबइ.** |
| ३ श्री दादर जैन देहेरासरजीनी पेढी<br>**दादर.** (बी. बी. रेल्वे) | ४ प्राचीन साहित्य संशोधक कार्यालय,<br>ठे. टेंबीनाका, **थाणा.**<br>(जी. आइ. पी. रेल्वे) |

**ता. क:**—चैत्र शुद एकम पहेलां थनारा ग्राहकोने फ्री डीलीवरी ग्रंथ पहोंचाडवामां आवशे.

# અહિંસાનો વિજય

લેખકઃ-
રા. એન. બી શાહ.

## ( એક અતિ સુંદર રોમાંચક નવલિકા )

(ગતાંકથી ચાલુ)

આ સંસારમાં કોઇ કોઇનું નથી ફક્ત ધર્મ જ એક સાથે આવનાર છે. માટે હું આ બધી જંજાળને છોડી ચારિત્ર લઇ લઉં તોજ મારા આત્માનું કલ્યાણ થવાનું છે. 'જે જેવું કરશે તે તેવું ભોગવશે' માટે એ સ્ત્રી હવે મારી છે જ નહિ તો પછી તેના પરત્વે રાગ શો? આમ વિચાર વમળમાં ગોથાં ખાતો રાજા જલ્દી પાછો ફરી પોતાની શય્યામાં, સુઇ ગયો. જેમતેમ રાત્રિ પસાર કરી.

સવાર થતાંજ તે પોતાની માતા પાસે ગયો અને પગે લાગી ઉભો રહ્યો. માતાએ પૂછ્યું બેટા, આજે ઉદાસ કેમ છો? પરંતુ યશોધરે કાંઇ જવાબ ન આપ્યો. ફરી ચંદ્રમતીએ પૂછ્યું ત્યારે દુઃખીત હૃદયે યશોધર બોલ્યો. માતાજી, આજરાત્રે મેં ભયંકર સ્વપ્ન જોયું, જેથી મારૂં હૃદય ધ્રુજવા લાગ્યું. "જાણે ચંદ્રમાની સ્ત્રી પોતાના તેજસ્વી પતિને છોડી દઇ ઘોર અંધકાર પાસે ગઇ અને તેની સાથે પ્રેમમાં પડી." મેં આવું ભયંકર સ્વપ્ન કદીપણ જોયું ન હતું જેથી મારૂં મન ઉદાસીન થઇ ગયું છે.

માતાએ કહ્યું બેટા, તેમાં ગભરાવા જેવું છે શું? આપણા શહેર બહાર દેવીનું મંદિર છે ત્યાં લોકો વિઘ્નોની શાંતિ માટે બલી આપે છે તો આપણે પણ બલી આપી આવીએ જેથી તારૂં ખરાબ સ્વપ્ન કાંઇ ફલ નહિં આપે. કારણકે દેવીને એક બકરૂં બલીદાનમાં આપવાથી કોઇપણ ખરાબ સ્વપ્ન તેનું ખરાબ ફલ આપવાને સમર્થ થતું નથી, આવો માતાનો ચમત્કાર છે. સમજ્યો બેટા, માટે ચાલ ઉઠ. હમણાંજ દેવીને બલીદાન આપી આવીએ. યશોધર કંપી ઉઠયો અને બોલ્યો કે હે માતા! તું આ શું બોલે છે? મને એક ખરાબ સ્વપ્ન આવ્યું તેના પ્રતિકાર માટે બિચારા એક બકરાનો ભોગ! બકરાએ આપણું શું બગાડયું છે? કે તેની ગરદન ઉપર છૂરી ફેરવવાની સલાહ આપી રહી છે. બિલ્કુલ મને તે વાત પસંદ નથી. વળી બકરાને મારવાથી તેની માતાને કેટલો ખેદ થશે તેનો તું વિચાર કર! તેનામાં શું જીવ નથી? જો જીવ છે તો તેને પણ આપણા જેટલોજ જીવ વ્હાલો છે. વળી તું તો રાજમાતા ગણાય છે તો તારે બધા જીવો ઉપર રહેમ રાખવી જોઇએ. જ્યારે વાડજ ચીભડાનું ભક્ષણ કરી જાય તો પછી તેનું રક્ષણ કોણ કરશે?

કુમાર યશોધરનાં આ યુક્તિયુક્ત વચનો સાંભળી માતા ઉપર જુદીજ અસર થઇ, તેનો ક્રોધાંધ સ્વાભાવ ભભૂકી

ઉઠયો, અને એકદમ બોલી પુત્ર! હું નહોતી ધારતી કે તું મારા વચનોને તિરસ્કારીશ. તને બકરા ઉપર આટલો બધો પ્રેમ છે તો એક લોટનો કુકડો કરીને દેવી સમક્ષ તેનો બલી દેવા તૈયાર થા. એમ કરવાથી પણ સર્વકામ સારૂં થશે. બોલ, શું જવાબ આપે છે?

કુમારે વિચાર કર્યો કે હવે શું કરવું? જો માતાનું વચન નથી માનતો તો પણ દુઃખ છે અને કુકડો મારૂં તો-પણ એક જાતની સંકલ્પી હિંસા તો છે જ. મેં બહુજ ખોટું કર્યું પહેલેથી જ માતા પાસે ખરાબ સ્વપ્નની વાત ન કરી હોતતો શું ખોટું હતું? જે બન્યું તે ખરૂં! હવે તો નિરૂપાયે પણ 'મા'નું વચન પાલવું પડશે. આખરે દુઃખીત હૃદયે મા સાથે કુમાર મંદિરમાં ગયો અને પેલા લોટના કુકડાનું બલીદાન આપ્યું, દેવીને નમસ્કાર કર્યો. દુઃખીત હૃદયે યશોધરે આવું અઘટીત કાર્ય માતાના ઉપરોધથી કર્યું. આંખોમાં અશ્રુઓની ધારા વહેવા લાગી, ખૂબજ પશ્ચાતાપ કર્યો પણ જે બની ગયું તે મિથ્યા થવાનું છે? તેનું મન ઘણુંજ ઉદાસ થઇ ગયું, ઘેર આવી પુત્ર યશોમતિને રાજ્યભાર સોંપી વનમાં ચાલી નીકળ્યો–પણ તે વખતે રાણી અ-મૃતમતીએ તેને રોકયો અને કોટે વળગી પડીને કહેવા લાગી કે સ્વામીદેવ! આજે તો જવા નહિં દઉં જો તમારે વનમાં જ દીક્ષા લઇ ચાલ્યા જવાનો વિચાર છે તો ભલે તેમાં હું રૂકાવટ નહિં કરૂં પણ એક દિવસ મારે મ્હેલે જમીને જાઓ તો મને ઘણોજ આનંદ થાય માટે મારી આટલી વિનતિ સ્વીકારો, રાણીનો આગ્રહ વધીજવાથી યશોધરે તેની વાત કબુલ કરી બીજા દિવસે રાજમાતા સાથે જમવા ગયો જમણમાં રાણીએ ઝેર આપી દીધું તેના પ્રભાવથી પુત્ર અને માતાનું પ્રાણ પંખેરૂ થોડીજ વારમાં ઉડી ગયું–ખરેખર, સંસારમાં કઇ જાતનાં પ્રાણીઓ કઇ જાતના પ્રપંચો ખેલી રહ્યા છે એનો આ તાદૃશ દાખલો મુમુક્ષુઓ માટે બસ છે.

---

(૩)....પૂર્વભવ ચાલુ.

રાજા યશોધર અને તેની માતા ઘણાય ભવોમાં રખડયા પછી ઉજ્જૈનીમાંજ એક ચાંડાલને ઘેર કુકડારૂપે ઉત્પન્ન થયા. બંને ઘણાંજ દેખાવડાં અને સુંદર હોવાથી દરેકના મનને આકર્ષણ કરવાને સફલ થતાં. એક દિવસ રાજા યશોમતીને (યશોધરના પુત્રને) તે કુકડા તથા મુરઘીને ચંડાલે બતાવ્યાં રાજાપણ દેખીને ઘણો ખુશી થયો, અને ચંડાલને આજ્ઞા કરી કે આ બંનેને સારીરીતે પાળજે જે કાંઇ તેમને ઉછેરવામાં ખર્ચ લાગે તે સુખેથી રાજ્યમાંથી લઇ જજે પણ આ બંનેને સારીરીતે સાચવીને મોટા કરજે રાજાની આજ્ઞા પછી તો શું બાકી રહે? ચંડાલતો સારીરીતે તે બંનેનું ભરણપોષણ કરવા લાગ્યો. એકવાર રાજા યશોમતી તેની પ્રિયા કુસુમાવલી સાથે વસંતઋતુનો આ-નંદ માનવા વનવિહાર કરતો એક વનના સુંદર ભાગમાં આવી પહોંચ્યો. ત્યાં ચંડ-કર્મા નામે ચંડાલ પણ કે જે પેલાં

એ જાનવરો સાથે વનમાં ફરી રહ્યો છે તે ચંડાલ વનની ખુશબોદાર સુગંધમાં મશગુલ બની આમતેમ ફરી રહ્યો છે. તેવામાં તેની નજર, સામેના એક ઝાડ તળે ધ્યાનમગ્ન બેઠેલ મુનિ ઉપર પડી. ચંડકર્મા મુનિપાસે જઈ, નમસ્કાર કરી સામે બેઠો. મુનિરાજે યોગ્ય પાત્ર જાણી ઉપદેશ આપવો શરૂ કર્યો–હે ભવ્ય, સંસારમાં આ જીવ જેવાં કામ કરે છે તેવાં ફળ તેને ભોગવવાં પડે છે. –જીવ પોતે જ કર્મનો કર્તા છે, અને નાશપણ પોતે જ કરે છે સર્વ સુખદુઃખનો ઉત્પાદક જીવ પોતે જ છે. જીવ અનંત શક્તિવાન છે, તેથી શુભ ધ્યાનદ્વારા કે તપદ્વારા ઘણાય કર્મોનાં બંધનો તોડી નાંખે છે. છેવટે મોક્ષસુખને પ્રાપ્ત કરવાને પણ શક્તિમાન બને છે. તું પણ ધારે તો આ જન્મમાં અહિંસા આદિ ધર્મનું સારીરીતે પાલન કરી આત્માનું કલ્યાણ સાધી શકે છે. હિંસા મહાભયંકર પાપની જનની છે. કોઇપણ જીવને મારી નાંખવો એમાંજ હિંસા સમાએલી છે એમ નથી, બલ્કે મારવાનો સંકલ્પ કરવો કે સંકલ્પથી કોઇ જીવ મારવો તેમાં પણ હિંસા છે. યશોધર અને તેની માતાએ કેવલ લોટનો કુકડો બનાવી માર્યો હતો, છતાં તેના પરિણામે કેટલાય ભવોમાં તે બંનેને દુઃખો સહન કરવાં પડયાં અને છેવટે કુકડાનો ભવપણ ધારણ કરવો પડયો કે જે આ તારી પાસે આજે કુકડાની અવસ્થામાં સાક્ષાત્ તું જોઇ શકે છે. જ્યારે નિર્જીવ પશુનો પણ વધ આટલો ભયંકર વિપાક બતાવે છે તો પછી સાક્ષાત્ હિંસા, જૂઠ, ચોરી આદિ પાપો કરનારની તો કેવી ભયંકર દશા થતી હશે, એ તો સર્વજ્ઞ ભગવાન જાણે. માટે હે સુભાગી આત્મા, તું જો સુખને જ ઇચ્છતો હો તો આજીવન હિંસા આદિ પાપોનાં પચ્ચખાણ કરી લ્યે. મુનિરાજના આ અમૃતમય ઉપદેશે સુંદર અસર ઉપજાવી. ચંડકર્માએ નિયમ લીધો. બંને પશુઓ પણ પોતાનો પૂર્વભવ સાંભળી ઘણાં દુઃખી થયાં. આંખમાંથી બોરબોર જેવડાં આંસુ ટપકવા લાગ્યાં અને જોર જોરથી અવાજ કરવા લાગ્યાં અવાજને સાંભળી રાણીએ શબ્દવેધની નિપુણતા દર્શાવવાને માટે પોતાના પતિના દેખતાં અવાજ ભણી સરરરર કરતું તીર છોડયું કે તરતજ બંને પશુઓ નીચે પટકાઈ પડયાં, પશ્ચાતાપની દશામાં આગળ વધેલાં તે બંનેનો જીવ શુભ ભાવનાના યોગે તેજ યશોમતિની સ્ત્રી કુસુમાવલીની કુક્ષીમાં ઉત્પન્ન થયાં. નવમાસ પૂર્ણ થયે રાણીએ બે તેજસ્વિ બાળકોનો જન્મ આપ્યો એક પુત્ર અને બીજી પુત્રી. ક્રમેક્રમે બંને મોટાં થયાં એક દિવસ રાજા યશોમતી શિકાર ખેલવાને વનમાં જઈ રહ્યો હતો ત્યાં રસ્તામાં એક મુનિને ધ્યાન કરતા જોયા. તે દિવસ તેને કાંઇ શિકાર ન મલ્યો તેથી તેનું કારણ પેલા મુનિનું દર્શન સમજી, રાજા તેને મારવાને તૈયાર થયો. તેટલામાં એક કલ્યાણ-સુહ્રત નામે શેઠ ત્યાં આવી ચડયા. તેમણે રાજાને મુનિધર્મનું મહત્ત્વ ઘણુંજ સુંદર

રીતે સમજાવ્યું, જેથી તેનો ક્રોધ શાંત થયો અને ક્રોધને ઠેકાણે ભક્તિ ઉભરાવા લાગી. ભક્તિની ભરતી એટલી બધી વધી પડી કે છેવટે પોતે ચિંતવેલ મુનિના ઘાતના દુષ્ટ વિચારોના પ્રાયશ્ચિત માટે પોતાનું શિર તલવારથી ઉડાવવા તૈયાર થયો મુનિરાજે તેને તેમ કરતાં અટકાવ્યો અને સદુપદેશથી શાંત કર્યો. મુનિરાજે તેના પિતામહ વિગેરેનો સર્વ વત્તાંત પોતાના જ્ઞાનથી કહી બતાવ્યો આથી અજ્ઞાત એવો રાજા ઘણું આશ્ચર્ય પામ્યો અને સંસારની વિચિત્રતાનું સ્વરૂપ વિચારતો પુત્રને રાજ સોંપી પોતે તપસ્વી બની ગયો. એ ભાઇ–બ્હેન કે જે હવે મોટી ઉમરનાં થયાં છે તેઓએ પણ પિતાશ્રી પાસેથી વૈરાગ્ય ઉપદેશ મુનિ પાસેથી જે સાંભળ્યો હતો તે વૃત્તાંત સુણવાથી તેમને પણ આ સંસાર ઉપરથી મન વિરક્ત થઇ ગયું. થોડો વખત રાજ્ય ચલાવી નાનાભાઇને રાજ સોંપી તે બંને ભાઇ–બ્હેન મોક્ષમાર્ગના અભ્યાસ માટે વનોવન ભટકવા લાગ્યાં અને તપસ્વી જીવન જીવતાં આજે તમારી સમક્ષ ખડાં રહ્યાં છે મારૂં નામ અભયરૂચિ છે અને આ મારી નાનીબેનનું નામ અભયમતિ છે-હે મારિદત્ત રાજા, આ શહેરની બહાર જંગલમાં મહાજ્ઞાની મુનિ બિરાજમાન છે. અમે તેમના દર્શનાર્થે જઈ રહ્યાં હતાં ત્યાં તમારા નોકર આ ચંડકર્માએ અમને પકડી તમારી પાસે હાજર કર્યાં છે. હે રાજા, અમારો આ પૂર્વ વૃત્તાંત છે. હવે આપને જેમ યોગ્ય લાગે તેમ કરો.

હે રાજા, આપ વિચારી જુઓ કે સંકલ્પમાત્ર હિંસાથી પણ યશોધર રાજાને અને તેની માતાને કેવા અવતાર ધારણ કરવા પડયા હતા અને કેટલાંય દુઃખો ભોગવવાં પડયાં હતાં તેથીજ અમને અમારો પૂર્વભવ વિચારતાં આ સંસાર ઉપરથી વૈરાગ્ય ઉત્પન્ન થયો છે અને તેથીજ બાલ્યકાળથી વિરાગ દશામાંજ અમારૂં જીવન પસાર કરી રહ્યાં છીએ.

અમને ખેદ એ થાય છે કે આ હિંસામય પ્રવૃત્તિથી હે રાજા, તારે કેટલાંયે ભયંકર દુઃખો ભોગવવાં પડશે. તે તું કેવી રીતે સહન કરીશ? શું દેવી આવા પાપોથી ખુશી થતી હશે? નિરપરાધિ પ્રાણીઓના ખૂનની ધારાઓ તેની સમક્ષ વહેવાથી શું તેને તૃપ્તિ થતી હશે? અરે! એતો અજ્ઞાન લોકોની ભ્રામક દશાનું પરિણામ છે, બાકી દેવી એવું ઇચ્છેજ નહિ કારણ કે દેવીને તો સૌ પ્રાણી સંતાન છે, સૌની તે માતા ગણાય છે તો માતા પુત્રોનાં બલીદાન કદીજ ન ઇચ્છે. આ બધી મોહજાળ છે આ ટુંકા પ્રવચને અજબ ફેરફાર કરી દીધો દેવીના નામથી આકાશમાં પ્રત્યક્ષ ભેદી અવાજ થયો કે હે પ્રાણીઓ, હવેથી કોઇ મારા નામે જીવહિંસા કરશો નહિ. જે કોઇ જીવહિંસા કરશે તેના કુટુંબ સહિતનો હું નાશ કરીશ. આ શબ્દો સૌ કોઇએ સાંભળ્યા. અજબ ચમત્કારે સૌ ચકિત થયા આ ભાઇ-બેનને પગે લાગવા માંડયા. રાજાએ પણ આ બલિ મહોત્સવ બંધ કર્યો અને હવે પછી નહિં કરવાને દેવી સમક્ષ પ્રતિજ્ઞા કરી. અસ્તુ.

# પછી શું?

લેખકઃ-
મુનિરાજશ્રી બાહુવિજયજી.

[ કોટ પાટલુન હેટ નેકટાઇમાં સજ્જ બનીને એક અમલદાર ખુલ્લા ચોગાનમાં ઉભો ઉભો સીગારેટના ધુમાડા કાઢતો ને પોતાની આપખુદ સત્તાને સંપૂર્ણરીતે ચલાવતો હોય તેમ સોટીને વાયુમાં વારંવાર વીંઝે છે તેટલામાં એક સાધુ ત્યાંથી પસાર થાય છે. તે વખતનો એક વાર્તાલાપ ]

અમલદાર–અરે સાધુ! તમે હું અહિં ઉભો છું છતાં તમે આમ નિચું જોઇને કેમ ચાલ્યા જાવ છો?

સાધુ–કોઈપણ જીવની હિંસા ન થાય તેથી નીચે જોઇને ચાલવાનો અમારો આચાર છે.

અમલદાર–અરે પણ મ્હને સલામ કેમ ભરતા નથી?

સાધુ–તમને સલામ શું કરવા ભરીએ?

અમલદાર–તમે મ્હને નથી ઓળખતા શું?

સાધુ–બેપગ બે હાથ ને એક માથાના તમે માનવી છો. બીજું શું?

અમલદાર–અરે એમ નહિ. હું તો આ રાજ્યનો વડો અમલદાર છું. મ્હને તો સૌ કોઇ સલામ ભરે છે. મ્હારાથી તો સૌ કોઈ ધ્રુજે છે.' રૂઆબ ચલાવતા તેને પોતાની ઓળખ આપી.

સાધુ–પછી શું?

અમલદાર–તે સત્તાના બળે તો હું ખૂબ પૈસા મેળવું છું.

સાધુ–પછી શું?

અમલદાર–પૈસાથી હું ભોગવિલાસ ને એશઆરામ કરીશ.

સાધુ–પછી શું?

અમલદાર–પુત્રાદિક પરીવારથી પરીવરીશને તેમને પણ મ્હારા જેવા બનાવવા પ્રયત્ન કરીશ

સાધુ–પછી શું?

અમલદાર–પછી તો હું વૃદ્ધ થઇશ એટલે પુત્રો મ્હારી સેવા કરશે

સાધુ–પણ પછી શું?

અમલદાર–કેમ વળી પછી શું?

સાધુ–જવાબ આપતા કેમ અટકી ગયા? પછી તો સૌ કોઈ જે માર્ગે જાય છે ત્યાં જવું પડશેને?

અમલદાર–હા.

સાધુ–ત્યારે તમારી સાથે તમારી સત્તા, પૈસા કે પુત્રાદિકમાંથી સાથે કોણ આવશે?

અમલદાર–કોઇ નહિ.

સાધુ–ત્યારે કહો, તમને અમે સલામ કેમ ભરીએ? કર્મસત્તા આગળતો તમારા સત્તાધિકારો પણ કાંઇ કરી શક્તા નથી.

અમલદાર–સમજ્યો! હવે હું સમજ્યો!! મ્હારા જેવા મિથ્યાભિમાનીઓની સાન ઠેકાણે લાવવાને માટેજ આપશ્રીએ આ ભેખ ધારણ કર્યો છે. આપ જેવા ત્યાગી મહાત્માઓ ન હોત તો અમારા જેવાઓનો ઉદ્ધાર પણ શી રીતે થાત! આજથી આપ મ્હારા ગુરૂ ને હું આપનો શિષ્ય.

બોલો ત્યાગી મહાત્માકી જય.

# સુખની ચાવી.

લેખકઃ—
રા. ઉજમશી જુઠાભાઇ

ઠેર ઠેર આજે લોક દુઃખ અને શોકનો જે કરૂણ પોકાર કરી રહ્યો છે તેનું મૂળ કારણ વિશાલ દૃષ્ટિથી તપાસીશું તો જરૂર જણાશે કે દીલની મલીનતા અને સરલ સ્વભાવનો અભાવ એજ મૂખ્ય છે. સુખ પામવા મનુષ્યે નિર્મલ બુદ્ધિ સર્જી નિખાલસ બનવું જેનું દીલ સાફ અને સરલ છે તેવાને હર-હંમેશ કુદરત જરૂર સહાય કરે છે સરલ દીલનાં મનુષ્યો, પ્રકૃતિની એ બેલડીને ખૂબજ પ્યારાં છે. વળી સારીએ માનવ જનતાને પણ સરલતાજ પ્રિય છે.

લોક નિખાલસ દીલનાં મનુષ્યોના અંતરની વાતો સાંભળવા અનિચ્છાએ પણ બે ઘડી જરૂર થંભે છે, ને એ વાત ભણી આકર્ષાઇ પોતાથી બનતો સહકાર જરૂર આપી ચૂકે છે.

પ્રસંગે પ્રસંગે જરૂરી સહકાર આ મદદ, એ સરલ દીલનો આત્મા જગત્ જનો પાસેથી પામતો જ રહે છે. ફૂલ નહિ તો ફૂલની પાંખડી પણ લોક શક્તિ મુજબ તે જરૂર મેળવે છે જે પ્રાપ્તિ માટે તેને બહુ કષ્ટો સહેવાં પડતાં નથી આ કોઇની ખુશામત પણ કરવી પડતી નથી.

આજે લોક જે અનેક પ્રકારની વિટંબણાઓ સહી રહ્યું છે, તેનું મૂળ કારણ ખોટા વટ અને ગુમાન છે. આધુનિક યુગ **સુખે રહેવું ને ભૂખે મરવું** વધુ પસંદ કરે છે. આપ વડાઇઓ માટે દીવો લઇ ઉંડા કુવામાં ઉતરવાનું આજનો માનવી ચૂકતો નથી પરિણામે લોક તેની મુંઝવણ સમજતું નથી યા કદાચ સમજે છે તો તેના એ અભિમાન કે ઉદ્ધતાઇને નમતું આપવા સાફ ના કહે છે

સરલતાપૂર્વક નિખાલસ દિલે પોતાનાં દુઃખ અને મુંઝવણો વ્યક્ત કરનાર પ્રાણી ધારવા કરતાં પણ વધુ સહકારને જરૂર પામે છે.

આપણે સૌ કોઇ આજે પુરૂં સત્ આચરતાં નથી તો પણ આપણાં સર્વનાં-એ પવિત્ર આત્માઓને તો સત્યજ પ્રિય છે. આત્મા એ પરમાત્મન્ સ્વરૂપ છે

આપણને સૌને નિર્દોષ બાલકો ખૂબજ પ્રિય અને વ્હાલાં કેમ લાગે છે? કારણકે તે નિર્દોષ છે, તેના અંતરના ભાવ નિર્મલ છે. બાલકની આંખોની ચળકતી કાલી કીકીઓમાં જીવો પ્રત્યે નરો પ્રેમ જ કુદરતે પૂર્યો છે. જોકે આત્માઓ પરમાત્મા સ્વરૂપ હોઇ એ નિર્દોષ બાલક પ્રત્યે જેના અંતરમાં ઇર્ષા દ્વેષ કે ઝેર ભર્યાં હશે, તેની પ્રત્યે તેનાં (બાળકનાં) ચક્ષુઓ ભાગ્યેજ હસશે

આપણે પણ એક વેળા બાળક હતા. જે નિખાલસ અને સરલ દીલનો આત્મા છે, તે આધેડ છતાં બાલકની કોટીનોજ મનાય, જેનું દીલ સાફ છે તે બાલકજ છે.

તે પ્રભુજ છે, તેમ કહેવામાં લગારે વધુ પડતું નથી.

જ્યાં નિર્દોષતા, નિખાલસતા, સરલતા કે દીલની સુઘડતા હશે ત્યાં જરૂર કુદરત સહાયમાં હશે. દિલની નિર્મલતા શુભ વિચારોના બળે ટકે, ને તે શુભ વિચારોને અનુસરતાં દીલની સુઘડતા, અંતરની ઉજ્વલતા અને દેહની પ્રભુતા કાયમ વધે તો હરકોઇ મનુષ્યે દીલ સાફ કરવું ને સરલ બનવું.

થયેલી ભૂલોનું સંકોચ વિના વડિલો પાસે પ્રાયશ્ચિત કરવું. જે ગુણમાં આગળ છે ને વડિલ છે તે સર્વે સદા પૂજનીય છે. તેવાને નમતાં દીલમાં જરાપણ સંકોચ આણવો તે કેવલ ગુમાન કે ઓછી બુદ્ધિનુંજ પરિણામ છે પશ્ચાતાપથી પાપ સમે, વિચાર પૂર્વકની આલોચનાથી પાપ ટળે, પશ્ચાતાપ એ સરલતાનું બીજ છે એ બીજને શુભ વિચારોનું પોષણ મળે એટલે તે અમૃત સુખને આપનાર નિવડે. માનવ માત્ર ભૂલને પાત્ર છે તોપણ ભૂલની કબુલાત કરવી, ને તે માટે ક્ષમા યાચવી એમાંજ જીવનની મોટાઇ છે.

સૌ મનુષ્યોએ વિવેકીપણું કેળવી નિડરપણે સરલ જીવન જીવી નિખાલસ બનવું, જેવા હોઇએ તેવાજ દેખાવા પ્રયત્ન કરવો, તેજ સાચો ધર્મ છે, અને તેમાંજ મનુષ્ય જાતિનો વિકાસ છે. જગત્ પરથી પ્રપંચો મીટી સરલતા વ્યાપશે ત્યારેજ જગત્ સુખને પામશે.

સડેલા દેહને સુધારવા પ્રથમ તેની હોજરી સારી બનાવવા મથવું જોઇએ. આંતરિક મલીનતા જ્યાંસુધી હશે ત્યાં-સુધી દેહ સુધારવાના બધાએ પ્રયત્નો નિષ્ફળ નિવડશે મનની મલીનતા પરહર્યા વિના દેહમાં વસતો દેહી પવિત્ર નહિ બને, તો નિર્મળ દ્રષ્ટિ કેળવી દીલનું દર્પણ સ્વચ્છ કરવા મથવું, જેથી સુખ વ્હેલું સાંપડશે.

વાંચો दिव्य अगरबत्ति. ખરીદો

૧૪૪ કુપને ઘડીઆળ
૧૦૮ કુપને બેટરી
૭૨ કુપને ફ્લાવરપાટ
**વધુ માહીતી માટે નીચેના સીરનામે જણાવો.**
પેકેટ નંગ ૧ કિં. ૦-૫-૦.

અમારી રજીષ્ટર્ડ નં. ૨૬૦૫ ની **"દિવ્ય અગરબત્તિ"** એ ભારતવર્ષનાં મંદીરો, મહાલયો ને સામાન્ય જનતાની ઝુંપડીઓને દિવ્ય અને ભવ્ય બનાવી દીધાં છે. એક વખત ખાત્રી કરો.
પેકેટમાંથી અગરબત્તિ મુકવાનું સુંદર સ્ટેન્ડ નીકળે છે

દિવ્ય ઓફીસ, નડીઆદ.

# વિશુદ્ધતાના પંથે-

મોકલનાર,
જયચંદ મહોયા-લીંબડી.

આત્મા, દ્રઢ મન સંકલ્પદ્વારા પુનીત પંથનો પ્રવાસ અવિરત ચાલુ રાખ! જેવાકે—ધીરવાન બન! સાંસારિક વિષય પિપાસાઓ ઉપર લક્ષ ન આપ, ત્યજી દે! તે તરફ દોરાવા અધીરો ન બનતાં ધીર બની ધર્મ ભાવનાની મીઠી સહેલ અનુભવવા ઉદ્યુક્ત થા! ચારિત્રદ્વારા આત્માના આનંદનો સ્વાદ ચાખવા ધીરજ ધર! શાણો થા!! પૌદ્દગલિકતામાં, મિથ્યાત્વમાં કે શોખમાં આનંદ માનવારૂપ મિથ્યાત્વના પાટા આંખ પર લપેટ નહિ! નયન ખોલ!! સંસારની વિષમ દુઃખપૂર્ણ સ્થિતિને અને સયમની વિશિષ્ટ સંપત્તિઓને સત્યરૂપે અને તથા સ્વરૂપે ઓળખ. મુંઝાયા વિના વિકટતાઓને વટાવી અડગ પણે સંયમરૂપ સત્ય પંથના વિજય પંથે વિહર! વિજય તારોજ છે. તારી ઉછળતી યુવાનીના ખમીરનો સંયમ આરાધનાની સુસાધ્યતામાં સદ્દવ્યય કર! વિષયિ સુખોની વિનશ્વરતામાં વેડફી મ નાંખ! એક ભવ તો ઠીક પણ અનેક ભવોમાં સુખ વાંછતો હોય તો એક શ્રી જિનેશ્વર ધર્મનું વિમળ કે નિર્મળ શરણુ ગ્રહણુ કરી હોંશીઆર બન! સાચી વસ્તુનો સ્વીકાર કર!! હજી બાજી હાથમાં રહેલી છે.

હોંશીયાર અગમચેતી હોય તો પાછળ પસ્તાવા જેવું ન રહે, એવો સુંદર વિચાર કરી લે! સદ્દવિચારરૂપી ગગનમાં વિહરનાર સદા સુખી અવસ્થામાંજ હોય છે. પીડાઓ ભલે સાંસારિક, શારિરિક કે માનસીક આવે તો પણ હે આત્મા! તેને હસતે મુખે સ્વીકારી લે. Come what may દેવું વાળવાનો સુઅવસર આવો કયારે આવશે? હમણા હું શક્તિમાન છું, તૈયાર છું, સમભાવે ભોગવવામાં મારૂં શૌર્ય છે, દીન બનવામાં શૂરતા નથી. એટલે જેટલું અપાય તેટલું આપી દઉં.

વિશેષમાં ધૈર્યનો પૂજારી થા, ગાંભીર્યનો ઉપાસક બન, શ્રુતીદેવીની આરાધના આદર, જ્ઞાનરૂપી જળથી સંભૃત સરોવરનો તું હંસ બન! પાપનો ડર રાખ અને જ્ઞાનાર્ણવના મધુર બિન્દુઓનો પિપાસુ બન! પ્રભુ આજ્ઞાઓના પાલન માટે સમર્થ બન! સાચી નિર્ભયતા પ્રાપ્ત કરવા કાજે છકાય હિંસાનો સર્વથા ત્યાગ કરી, જીવોને અભયદાન આપી ચારિત્ર પાળવા તૈયાર રહે! તારી ચર્મચક્ષુ પર સમકિત રૂપી દિવ્ય નયન વા કીકીનું Microscope ચઢાવ! અને સદ્દબુદ્ધિને પ્રાપ્ત કર! પૂર્વના મહર્ષીઓએ દાખવેલા શુદ્ધ માર્ગ, હે આત્મન્! તું અંગીકાર કર! કેવળી ધર્મમાર્ગ અન્ય કરતાં કઇ ગુણો ચઢીઆતો, અજોડ ને અમૂલ્ય છે, તો ઢીલ શા સારૂ? જગતમાં કોઇ જો પાવન કરનાર હોય તો ચાર શરણુ છે, મંગળનાં કરનાર છે, દુઃખને કાપનાર છે, સુખને આપનાર છે.

તા. ૧૫-૩-૪૧ ના સ્વાધ્યાયનો વધારો.

# મુનિરાજશ્રીનો અભિપ્રાય.

## ઇતિહાસવેત્તા મુનિરાજશ્રી દર્શનવિજયજી, મુનિરાજશ્રી જ્ઞાનવિજયજી તથા મુનિરાજશ્રી ન્યાયવિજયજીનો "સમ્રાટ સંપતિ યાને પ્રાચીન જૈન ઇતિહાસની પ્રમાણિકતા" નામના ગ્રંથ ઉપર વિદ્વતાભર્યો અભિપ્રાય.

**(અસલ પત્રની નકલ.)**

જયપુર સીટી તા. ૪-૧-૪૧.

સુશ્રાવક દેવગુરૂ ભક્તિકારક શ્રી-ભાઇ મંગળદાસ ઝવેરી યોગ્ય મુનિમહારાજ શ્રી દર્શનવિજયજી, મુનિમહારાજ શ્રી જ્ઞાનવિજયજી, મુ. ન્યાયવિ. આદિના ધર્મલાભ.

વિશેષ "**સમ્રાટ્ સંપ્રતિ યાને પ્રાચીન જૈન ઇતિહાસની પ્રમાણિકતા**" પુસ્તક મળ્યું. તેનો અભિપ્રાય નીચે મુજબ છે:—

**સમ્રાટ્ સંપ્રતિના** પુસ્તકનું ઉપર ઉપરથી અવલોકન કર્યું. આખા પુસ્તકનો ઉદ્દેશ યદિ એટલોજ હોય છે, કે **સમ્રાટ્ સંપ્રતિ** જૈન ધર્મના ઉપાસક મહાન્ રાજવી થયા છે, તેમણે જૈન શાસનની ખૂબ ખૂબ સેવા કરી મહા પ્રભાવના કરી છે અને જૈન શાસનને દીપાવ્યું છે-તો આ કાર્યમાં લેખક તરીકે તમે સફળ થયા છો એમાં લગારે સંદેહ નથી. પોતાની શક્તિ અને જ્ઞાન મુજબ યુકિત, તર્ક અને શાસ્ત્રીય પ્રમાણોથી તમે **સમ્રાટ સંપ્રતિનું** ઐતિહાસિક અસ્તિત્વ અને જૈનત્વ સિદ્ધ કરવા સફળ પ્રયત્ન કર્યો છે.

"**આવશ્યક્તા આવિષ્કારની જનની છે**" એ ઉકિત મુજબ બે મિત્રોના વિવાદમાંથી આ પુસ્તકનું સર્જન થયું છે. બને તેટલી ચોકસાઇપૂર્વક જૈન-જૈનેતર સાહિત્યનું અવલોકન કરી તે બધાનો સમન્વય કરી આ પુસ્તકમાં તેનો સુંદર સંગ્રહ કરવામાં આવ્યો છે. વિવેકી વાચક હંસવૃત્તિથી ક્ષીરનીરનો વિવેક દાખવી સત્ય તારવી લ્યે. દરેક ઇતિહાસપ્રેમી જૈન અને જૈનેતરે આ પુસ્તકનું જરૂર અવલોકન કરવા જેવું છે.

ઇતિહાસના ભવ્ય આદિ યુગથી પુસ્તકની શરૂઆત કરવામાં આવી છે, આખો પ્રથમ વિભાગ જૈનધર્મના ભૂતકાલિન ઇતિહાસના સંક્ષિપ્ત સંગ્રહમાં

---

તે ધન્યદિવસ કયારે આવશે ? કે જ્યારે હું શુદ્ધ ઉંચ, અને પવિત્ર એવા સંયમને પામી શકું ! અને અનંત સંસારના પરિભ્રમણરૂપ કષ્ટોથી વિમુક્ત થાઉં ! છેવટે આત્મા શાશ્વત સુખનો ભોગી બને એજ મોટી અભિલાષા.

**સર્વત્ર સુખો ભવંતુ લોકા:**

રોકાઇ ગયેલ છે. બાદ દ્વિતીય વિભાગથી ૨૫૦૦ વર્ષ પહેલાના યુગના કેટલાએક જૈન ધર્મના ઇતિહાસના સુવર્ણ પાનાં ઉકેલવાનો લેખકે જૈન ધર્મના એક દ્દઢ અનુયાયી તરીકે શ્રદ્ધાથી પ્રયત્ન આદર્યો છે. આ વિષયમાં જૈન અને બૌદ્ધ સાહિત્યનો પણ લેખકે ઉપયોગ કર્યો છે. અનુક્રમે આગળ વધતાં લેખક પરમ શ્રમણોપાસક નૃપતિ સંપ્રતિનું ભવ્ય દર્શન સરળ અને સુગમ ભાષામાં કરાવે છે. દરેક જૈન આ પરમાર્હતોપાસક સમ્રાટ સંપ્રતિનું ઐતિહાસિક નિરૂપણ વાંચી ખુશી થાય એ સ્વાભાવિક છે આપણે જૈન શાસનની ગૈરાવવંતી, પ્રતિભાસંપન્ન, પ્રતાપી વ્યક્તિઓને પ્રકાશમાં આણી; તેનું ઐતિહાસિક મૂલ્યાંકન કરી જગત સમક્ષ રજૂ કરીએ તો જૈન ધર્મે ભારતને 'શું દેણ' કરી તે બરાબર સિદ્ધ કરી શકીએ તેમ છીએ.

આજે આપણામાંજ કેટલાક એવા મહાનુભાવો છે કે કોઇપણ જૈનાચાર્યે કે જૈને લખેલા સાહિત્યને શ્રદ્ધાથી કે ભકિતથી લખેલ છે—માટે સંદેહની નજરે જુએ છે. પરંતુ શ્રદ્ધા કે ભકિતથી લખાએલું બધું અપ્રમાણિકજ હોય કે સંદેહાસ્પદ હોય તેવું નથી બનતું—એમાં પણ સત્ય હોય છે; અને તે ગ્રહણ કરવા લાયક પણ હોય છે એ સમજવાની આજે જરૂર ઉભી થઇ છે....જરૂર છે.

લેખકે **ઇતિહાસ** જેવા નિરસ વિષયને તદ્દન સરળ અને સુગમ ભાષામાં ઉતારવા પ્રયત્ન કર્યો છે. કયાંક કયાંક વિષયનો મેળ મેળવવા અલંકાર અને કલ્પનાનો પણ ઉપયોગ કરી વિષયને રસમય ધારા પ્રવાહી બનાવવા પ્રયત્ન કર્યો છે, અને છતાંયે **સત્ય ઇતિહાસને લગારે છૂપાવ્યો નથી** એ ખુશી થવા જેવું છે.

લેખકે આખા પુસ્તકમાં સર્વત્ર કાળગણના માટે સુપ્રસિદ્ધ ઇતિહાસવેત્તા મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજ કૃત "વીર નિર્વાણ સંવત્ અને જૈન કાળગણના" પુસ્તકોનો મુખ્ય આધાર લીધો છે; એટલે એ સંબંધી વધુ મતભેદને અવકાશ નથી. તેમજ યુગપ્રધાન પટાવળી; પાટલિપુત્રની વાંચના; માથુરી વાંચના; અને વલભી વાંચના સંબંધી વિધાનો પણ ઉકત પુસ્તકને આધારે કરવામાં આવ્યાં છે.

સમ્રાટ્ ચંદ્રગુપ્ત અને દિગંબર ઉત્પત્તિ સંબંધીનું વિવેચન પણ સુંદર રીતે કરી સમ્રાટ ચંદ્રગુપ્તે દિગંબરી દીક્ષા લીધી હતી એવું માનનાર અર્વાચીન દિગંબરીય સાહિત્યના ઉલ્લેખોનો સચોટ જવાબ આપી નિરસન કર્યું છે. આ સંબંધી વિશેષ ઇતિહાસ જાણવા માટે "દિગંબર શાસ્ત્ર કૈસે બને" એ પુસ્તકનો ઉપયોગ ઇંગ્લીશમાં સુધારો કરી લેવાનું ખ્યાલમાં રાખવું

પરમ શ્રમણોપાસક નૃપતિ સંપ્રતિને માટે પણ **નિશિથ ચૂર્ણી, બૃહત્ કલ્પ ચૂર્ણી, કલ્પ ચૂર્ણી, વ્યવહાર ભાષ્ય, સંપ્રતિ ચરિત્ર, પરિશિષ્ટ પર્વ** તથા બૌદ્ધ સાહિત્ય **દિવ્યવદાન** આદિના

પ્રમાણો આપી લેખકે સપ્રમાણ સિદ્ધ કર્યું છે કે સમ્રાટ્ સંપ્રતિ પરમ જૈન હતા. સાથેજ તેમણે કરેલી શાસન પ્રભાવના, ધર્મોદ્યોત, જિનવાણી અને જિનધર્મનો પ્રચાર, **એ બધું કોરી કલ્પનાજ નથી પરંતુ પ્રાચીન-અર્વાચીન જૈન સાહિત્યમાં ઉલ્લેખિત છે** એમ બતાવી આપ્યું છે.

સમ્રાટ્ સંપ્રતિ પછીના ઇતિહાસનાં પ્રકાશ માટે પણ લેખકે પ્રયત્ન સારો કર્યો છે.

વીર વિક્રમ-સિદ્ધસેન દિવાકર-ગર્દભિલ્લ-કાલકાચાર્ય સંબંધી પ્રકરણોમાં મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજનાં વિધાનો; સ્ટોરી ઓફ કાલક; (Story of Kalak) અને પ્રસિદ્ધ વ્યાખ્યાતા મુનિરાજ શ્રી વિદ્યાવિજયજીના વિધાનોનો છૂટથી ઉપયોગ કરી લેખકે પ્રમાણિક ઈતિહાસ આપવા પ્રયત્ન કર્યો છે.

ખારવેલનો શિલાલેખ અને છેવટનાં ચારે પરિશિષ્ટો ખાસ વાંચવા યોગ્ય છે.

અંતમાં ઐતિહાસિક સાહિત્ય એવું છે કે જેમાં નિત્ય નવી નવી શોધખોળોને અવકાશ રહે છે. આ પુસ્તકમાં કરવામાં આવેલાં ઐતિહાસિક વિધાનો માટે મતભેદ રાખનાર મહાનુભાવો ધીરજ અને શાંતિ પૂર્વક પોતાના મતભેદો રજૂ કરે. જે જે સત્ય ઐતિહાસિક પ્રમાણો આપે, તે સ્વીકારવા લેખક મહાશય તૈયાર જ છે, અને દ્વિતીય આવૃત્તિમાં સત્ય સુધારવા કબુલાત આપે છે. પછી લેખકની આટલી મહેનત, સંગ્રાહક શક્તિ, અને રજૂ કરેલાં પ્રમાણોની ઉપેક્ષા કરવી એ કોઇ રીતે ઉચિત નથી.

નીચેની ભૂલો દ્વિતીય આવૃત્તિમાં સુધારી લેશો:– પૃષ્ટ ૧૨૬ માં છેલ્લા પેરામાં શ્રી અભયદેવસૂરિના પરિચયમાં ગંભીર ભૂલ છે. પૃષ્ટ ૩૫૨માં શ્રી અભયદેવસૂરિનાં સંવતમાં ભૂલ છે. સંપ્રતિ ચરિત્રના કર્ત્તા કયા અભયદેવ સૂરિજી હતા તેના નિરાકરણની ખાસ આવશ્યકતા છે. "ગુર્જરેશ સિદ્ધરાજ જયસિંહના કહેવાથી શ્રી અભયદેવસૂરિજીએ ચરિત્ર બનાવ્યું". આ લખાણ માટે પ્રમાણ આપવાની જરૂર છે. આ વખતે કયા અભયદેવસૂરિજી હતા તેની પણ શોધ કરી સત્ય બહાર મૂકવાની જરૂર છે. પૃષ્ટ ૩૪૦ માં જયપુરમાં ખાણો ખોદાવવાનો ઉલ્લેખ સુધારવાની જરૂર છે. પૃષ્ટ ૩૬૦ (?માં શ્રી રાજેન્દ્રસૂરિવાળું લખાણ અતિશયોક્તિ ભર્યું છે તે સુધારી લેશો.

એકંદર રીતે આ પુસ્તક લખવામાં લેખકે ઘણોજ પ્રયત્ન કર્યો છે. આપણામાં ઐતિહાસિક સાહિત્યના અભ્યાસની ઘણી જ જરૂર છે. ગુજરાતી ભાષામાં આવું સુંદર પુસ્તક લખી લેખકે ગુજરાતી ભાષી વાચકોની સુંદર સેવા બજાવી છે. અને સાથેજ જૈન ધર્મની એક મહાન્ વિભૂતિનું સુંદર જીવન ચરિત્ર આલેખી શાસન સેવા કરી મહાન્ પુન્ય ઉપાર્જન કર્યું છે. દરેક જૈન–જૈનેતર આ પુસ્તકનું અવલોકન કરી, ભારતના એક પ્રસિદ્ધ અને ધર્મ પ્રિય સમ્રાટ્નું જીવન ચરિત્ર વાંચી, સત્ય જ્ઞાન પ્રાપ્ત કરે–એજ શુભેચ્છા! ૐ શાંતિ: શાંતિ: શાંતિ: !

લી. મુનિ ન્યાયવિજયજીના ધર્મલાભ.

# कलिकालसर्वज्ञ-श्रीमद्हेमचन्द्रसूरीश्वर-निर्मिता

# प्रमाणमीमांसा.

लेखकः-
श्री. वीरभिक्खु

[ मनाग्भावार्थविवेचिका-भाषाटीका ]

[ગતાંકથી ચાલુ.]

આ પ્રકારે લક્ષ્ય-લક્ષણ નિશ્ચિત કર્યા બાદ તે પણ સાથે સમજી લઇએ કે લક્ષ્યનું લક્ષણ આત્મભૂત-સ્વસ્વરૂપ છે કે અનાત્મભૂત-ઔપાધિક છે? લક્ષ્યનું લક્ષણ ઉભય પ્રકારે હોઈ શકે છે. એક તો નૈસર્ગિક રીતિએ અને અન્ય અસાહજિક રીતે? દા. ત. અગ્નિનું ઉષ્ણત્વ લક્ષણ તે સાહજિક છે પરંતુ ઔપાધિક નથી. કારણ કે તે તેનું સ્વરૂપજ છે. જ્યારે અમુકવ્યક્તિનું ધનવંતપણારૂપ લક્ષણ અથવા દંડરૂપ લક્ષણ તે સ્વભાવભૂત નથી. કારણ કે તે તેનું સ્વરૂપ નથી. અર્થાત્ તે લક્ષણ ઔપાધિક છે પ્રકૃત સ્થળમાં પ્રમાણ રૂપ લક્ષ્યનું 'અવિપરીત અર્થ વિષયક નિર્ણય' રૂપ લક્ષણ સ્વાભાવિક છે. કારણ કે તે પ્રમાણ-જ્ઞાન-ઉપયોગનું સ્વરૂપ જ છે

લક્ષ્ય-લક્ષણ ભાવ કથંચિત્ ભિન્નાભિન્નજ લક્ષ્ય-લક્ષણનો હોય. લક્ષ્ય એજ અમુક વિવક્ષિત અપેક્ષાએ લક્ષણ રૂપે બની શકે છે અને લક્ષણ એજ અમુક વિવક્ષિત અપેક્ષાએ લક્ષ્ય રૂપે હોઇ શકે છે. જો લક્ષ્યનું લક્ષણ એ સ્વરૂપ છે તો સ્વરૂપ કદાચિત્ પણ સાહજિક હોવાના કારણે સ્વથી ભિન્ન રૂપે હોઇજ ન શકે તેનો સદ્ભાવ સ્વભિન્ન અધિકરણમાં સંભવિજ ન શકે એટલેજ તેનો લક્ષ્યથી અભેદજ માનવો રહ્યો એજ પ્રકારે જો અભેદજ સ્વીકારવામાં આવે તો લક્ષ્ય માત્રજ યા તો લક્ષણ માત્રજ વિષયભૂત થઇ શકે, કિન્તુ ઉભયનો બોધ થઈ શકે નહિ. ધર્મ-ધર્મીભાવ પણ લુપ્તપ્રાયજ થઇ જાય, આધાર-આધેયભાવ પણ દૂરંદ્રસ્ય થઇ જાય અર્થાત્ લક્ષ્યથી લક્ષણનો અભેદજ સ્વીકારવામાં આવે તો લક્ષ્યમાત્રના જ્ઞાનથીજ લક્ષણનો લક્ષ્યવત્ બોધ થઇ જાય અને તેનું તાત્પર્ય તો એજ આવે કે લક્ષ્યના લક્ષણના પ્રણયનનું પ્રયોજનજ નિરર્થક થઈ જાય અને સાથેજ નિષ્પ્રયોજન પ્રણયન કરવાથી ગ્રંથકર્તાનું શિષ્ટત્વ પણ અદ્રશ્ય થઇ જાય કારણ કે શિષ્ટ વ્યક્તિની શિષ્ટતાજ તે છે કે તેઓની એક પણ પ્રવૃત્તિ પ્રયોજનશૂન્ય નજ હોય.

આ ઉપરથી એમ જરૂર સમજી શકાશે કે કેવળ ભેદ કે અભેદ માની શકાય તેમ નથીજ તે સાથેજ એમ પણ સમજી લેવું જોઇએ કે જેમ લક્ષ્ય-લક્ષણનો પૃથક્ પૃથગ્રૂપે ભેદ-અભેદ સ્વીકારવો યુક્ત નથી તેમજ ઉભયનોય ઐકાન્તિક ભેદાભેદ પણ યુક્ત નથી. કારણ કે એ સિદ્ધાન્ત તો સુચિર સમયથી સિદ્ધાન્તિત થયેલ છે કે '**प्रत्येकं यो भवेद् दोषोद्वयोर्भावे कथं न सः**' અર્થાત્ જો કેવળ ભેદ-અભેદમાં દોષોપનિપાત છે તો તે ઉભયનેય એજ સ્વરૂપે સ્વીકારવામાં તે દોષ ખડોજ છે

એટલેજ પ્રત્યેક વિષયક અથવા ઐકાન્તિક ઉભય વિષયક કંટકોનો સંપૂર્ણ ઉદ્ધાર કરી ઉભયમાંય સમન્વય દૃષ્ટિપાત કરનાર જૈનન્યાયે તે પ્રકારે અબાધિત નિર્ણીત કર્યું કે તે ઉભયનેય કથંચિત્ જાત્યન્તર રૂપે ભેદ તથા અભેદ સ્વીકારવો. તે કઇ રીતે હોઇ શકે તે તો આપણે કહી ગયા છીએ. અર્થાત્ અમુક અપેક્ષાએ તેનો ભેદ વિદ્યમાન છતાંય તેથી અન્ય અપેક્ષાએ તેમાં અભેદ પણ જો ઘટી શકતો હોય તો ત્યાં કોઇ પણ કુશંકાને સ્થાન રહેજ નહિ સાથે એ તો સમજવુંજ રહ્યું કે આ લક્ષ્યલક્ષણભાવ પારમાર્થિકજ છે કિન્તુ કલ્પનાશિલ્પિનિર્મિત નથીજ કારણકે જેમ લક્ષ્ય તથા લક્ષણ એ સત્ છે તેમજ તે ઉભયનો સંબંધ પણ વાસ્તવિક સત્ છે પણ કાલ્પનિક સત્ નથી. કારણકે જો લક્ષ્ય અને લક્ષણ પારમાર્થિક સત્ ન હોત તોજ તેનો સંબંધ પણ વાસ્તવ ન હોત પરંતુ વસ્તુસ્થિતિ તેમ નથી કારણકે વાસ્તવ સત્ વસ્તુજ લક્ષ્ય રૂપે હોઇ શકે છે અને તેથીજ તેનું લક્ષણ પણ વાસ્તવ સત્ રૂપેજ હોઇ શકે. અન્યથા સર્વશૂન્યતાપત્તિ આવી જાય. જ્યારે તે પણ યુક્તિયુક્ત નથી. કારણકે તેમ માનવામાં આબાલગોપાલ પ્રમાણસિદ્ધ અબાધિત વ્યવહારપ્રથાજ લુપ્ત થઇ જાય. હવે એકજ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે 'જે વિષય સ્વતોરૂઢ ન હોય તેને અંગેનો તો પ્રયત્ન અનિવાર્યજ હોય પરંતુ જે વિષય સ્વતઃસિદ્ધ હોય તેમાં પ્રયત્નની કે પ્રેરણાની આવશ્યકતાજ નથી' આ એક નૈસર્ગિક નિયમ છે જો તે સત્યથી વેગળો નજ હોય અને તેથીજ અપનાવવા યોગ્ય હોયજ તો કહેવુંજ જોઇએ કે 'પ્રમાણના લક્ષણનું કથન અસ્થાનેજ ગણાય.'

તેનું કારણ એ છે કે 'લક્ષણ કથનના પ્રયોજન તરીકે મુખ્યત્વે' ઇતર (વિવક્ષિત લક્ષ્યથી ભિન્ન અલક્ષ્ય) થી વિવક્ષિત વસ્તુના (લક્ષ્યનો) ભેદને તેમજ તે તે સમાનજાતીય અર્થોમાં તે તે રૂપે તથા એકજ શબ્દથી વાચ્યત્વ રૂપ અબાધિત વ્યવહારનેજ વર્ણવવામાં આવેલ છે તેમાંય ખાસ અગત્યતા તો વ્યવહારનીજ અંકાઇ છે. પ્રકૃતમાં સામાન્ય જનતાને પણ પ્રત્યક્ષ-અનુમાનાદિ પ્રમાણો તથા તેના યોગે સિદ્ધ વ્યવહાર પણ પ્રસિદ્ધજ છે, એટલે જે વ્યવહારની પ્રથાને અંગે પ્રમાણની પરીક્ષા સ્વીકૃત થઇ છે તે વ્યવહારજ જો સ્વયંસિદ્ધ હોયતો લક્ષણ કથનની નિરર્થકતા અનુપાયે સિદ્ધ થઈ જાય છે. સાથેજ એ પ્રશ્નની પણ સંભાવના શક્ય છે કે ઉક્ત પ્રમાણના લક્ષણનું પ્રણયન સ્વરૂપથી નિશ્ચિત છે કે અનિશ્ચિત છે? જો અનિશ્ચિતજ હોય તો તે અન્યનું નિર્ણાયક બને એ વાતજ સત્યથી વેગળી છે. કારણકે સ્વયં અનિર્ણીત ઇતરનું નિર્ણાયક બની શકેજ નહિ એટલે નિશ્ચિતજ માનવું ઘટે. હવે તેને નિશ્ચિત માન્યા બાદ પણ જો તેનો નિશ્ચય અપ્રમાણથી પ્રષ્ટ હોય તો તે અસંભવિતજ છે. કારણકે સ્વતઃ અપ્રમાણ કોઇનુંય સાધક કે બાધક હોઇ શકતુંજ નથી અન્યથા વસ્તુની નિર્દોષ સિદ્ધિમાં પ્રમાણાન્વેષણનીજ નિરર્થકતા થઇ જશે

ઉપર્યુક્ત દોષથી જો તેનો વાસ્તવ નિર્ધાર અપ્રમાણથી અશક્ય હોવાના હેતુએ પ્રમાણથી સ્વીકારવામાં આવે તો તે નિશ્ચાયક પ્રમાણ પણ પ્રમાણરૂપજ હોવાથી ઇતર પ્રમાણવત્ તેના લક્ષણનું પ્રણયન પણ ખડુંજ રહેશે. તેમજ તેમાંય નિશ્ચિત-અનિશ્ચિત રૂપ વિકલ્પની પરંપરાની સ્વયમેવ ઉપસ્થિતિ થઇજ શકશે તેનો નિર્ધાર જો અન્યપ્રમાણથી

કહેતા હો તો તે પ્રમાણના લક્ષણનો નિર્ધાર કોના યોગે? એટલે દરેકપ્રમાણની અબાધિત સિદ્ધિને અંગે અનેકશઃ પ્રશ્નોની ઝડીઓ ઉપસ્થિત થયાજ કરશે અને તેથીજ અનવસ્થાનામક દોષની અનિચ્છાએ ઉપસ્થિતિ થયા વિના નહિજ રહે.

સારાંશ એ કે કોઇ પણ પ્રકારે પ્રમાણના લક્ષણનું કથન સાર્થક નહિ હોવાથી તેના અંગેના વિવેચનો સ્વતઃ અર્થશૂન્યજ થઇ જશે.

આ પ્રકારે દૃષ્ટિસમક્ષ ખડા થયેલ પ્રશ્નનું સમાધાન તે છે કે અલબત્ત? પ્રતિવ્યકિત પ્રમાણ પ્રસિદ્ધજ છે અન્યથા પ્રમાણ સિદ્ધ વ્યવહાર લુપ્તપ્રાય થઇ જાય. પરંતુ તે પ્રાતીતિક હોવા છતાંય તેના લક્ષણના કથનની અનિવાર્યતા છે. કારણકે તેવી પણ વ્યકિત હસ્તી ધરાવે છે કે જે પ્રબલમોહના યોગે વિવેકલોચન આવૃત થયેલ હોવાના કારણે તથાવિધ વાસ્તવ નિર્ધાર કરી શકતી નથી એટલુંજ નહિ, બલ્કે સંદેહદોલામાં ઝોલા ખાય છે યા તો વિપરીત નિર્ધાર કરી લે છે. તેથીજ તેના પૂર્વોકત વ્યામોહનું સંદેહનું અથવા વિપર્યાસનું નિરસન કરવા અંગે પ્રમાણના લક્ષણના કથનની આવશ્યકતા સિદ્ધ થઇ શકશે.

અર્થાત્ તેની અનાદિતઃ સ્વતઃસિદ્ધિ થવા છતાં જો વિપર્યસ્તમતિમંત યાતો સંદિગ્ધમતિમંત કે મુગ્ધમતિમંત વ્યકિતનું અસ્તિત્વ નજ હોય તો બેશક? તેના કથનની આવશ્યકતા નજ ગણી શકાત. પરંતુ વસ્તુસ્થિતિ તેમ નથી. કારણકે આ જગતમાં જરૂર તેવી પણ વ્યકિતની હયાતી છે કે જે 'વસ્તુનું સ્વરૂપ તથાપ્રકારનું નિર્ણીત હોવા છતાંય તથાપ્રકારે તેનો નિર્ધાર ન કરે, સંદેહ કરે યાતો દોષના યોગે વિપર્યાસજ કરે' તેનાં તથાવિધ અજ્ઞાન, સંદેહ કે મિથ્યાભ્રમનું નિવારણ કરવા અંગેજ તેનું નિર્માણ યોગ્ય થઇ પડશે. એટલે હવે પ્રથમ પ્રશ્નને સ્થાન નહિજ રહે.

ઇતર પ્રશ્નનું સમાધાન પણ તે શકય હોવા સાથે યોગ્યજ છે કે 'પ્રમાણ સ્વસંવેદન સિદ્ધજ છે એટલે તેના નિર્ણયમાં પ્રમાણની કશીજ આવશ્યકતા નથી કે જેથી પૂર્વોકત વિકલ્પ શ્રેણિ ઉપસ્થિત થાય અને તેના યોગે અનવસ્થા પણ આવે' તે સ્વસંવેદન સિદ્ધ હોવા છતાંય મોહાદિની પ્રબલતાના યોગે જે તથાપ્રકારે સ્વીકારવા તૈયાર ન હોય તેને તે યથાતથ રૂપે સ્વીકાર કરાવવા વચનદ્વારા પ્રકાશિત પણ કરવુંજ જોઇએ એમ એય પ્રશ્નનું સમાધાન વાસ્તવ રીતે થઇ જશે.

આ રીતિયે લક્ષ્યલક્ષણભાવ સુનિશ્ચિત થવા છતાંય એક વિષય કે જે અત્યાવશ્યક હોવાથી આદરણીય છે તેની અલ્પ વિચારણા કરી મૂળ વિષયમાં પ્રવેશીએ. ગ્રંથકાર મહર્ષિ જેનું લક્ષણ કરવાના ઇચ્છુક છે તે વિષયમાં અનેકશઃ વિરોધો તથા મતાન્તરો છે. અર્થાત્ પ્રમાણ (રૂપ ધર્મિના) લક્ષણવિષયમાં, સંખ્યાવિષયમાં, તેના વિષય અને ફળના વિષયમાં સર્વનું ઐકમત્ય નથી પરંતુ વૈમત્ય છે. દા. ત સૌગતોને (બુદ્ધોને) પ્રમાણનું લક્ષણ અવિસંવાદિત્વરૂપ અભિમત છે, (જ્ઞાન કે જે વિસંવાદિ નથી તેજ પ્રમાણ છે) મીમાંસકોને 'પૂર્વમાં અનિર્ણીત અર્થ નિર્ણાયક જ્ઞાન' પ્રમાણરૂપે ઇષ્ટ છે, નૈયાયિકોને 'અર્થવિષયક ઉપલબ્ધિમાં હેતુ અથવા તેના સમુદાયરૂપ સામગ્રી પ્રમાણરૂપે ઇષ્ટ છે, સંખ્યા પ્રમુખમાંય એજ પ્રકારે વિપ્રતિપત્તિ છે પણ તે તો તેના સ્થળે વિચારીશું. આ વિપ્રતિપત્તિનો નિરાસ

ફરી સુસ્થિતપથ કરવાના ઈરાદાથીજ ગ્રંથકારે પ્રમાણનું અબાધિત તથા સર્વતોવ્યાપક લક્ષણ રચ્યું છે.

ઉપર્યુક્ત અપ્રામાણિક મતભેદોનું નિરાકરણ ગ્રંથકાર મહર્ષિ સ્વયમેવ કરવાના છે તેથી તે તે વિષયનું વિવેચન તે અવસરે કરીશું.

ગ્રંથકારે પ્રમાણરૂપ લક્ષ્યનું 'અવિપરીત અર્થ વિષયક નિર્ણય' રૂપ લક્ષણ કર્યું છે, તે સત્યજ છે કારણકે તેજ પ્રમાણ રૂપ લક્ષ્યનો ઇતર અપ્રમાણરૂપ સંશયાદિથી અથવા ઘટાદિથી વ્યવચ્છેદક હોઇ પ્રમાણમાત્રમાં વ્યાપી છે. એટલેજ તે સંભવિત છે તેની સિદ્ધિમાં નિર્દોષ અનુમાન પ્રમાણ છે. તેનો આકાર આ પ્રકારે છે. 'જે વિના વિવાદે-એકમતે પ્રમાણરૂપ ધર્મો પ્રસિદ્ધ છે તેમાં સમ્યગ્ અર્થનિર્ણયાત્મકતારૂપ ધર્મનું વિધાન કરવામાં આવે છે, અને તેની સિદ્ધિમાં પ્રમાણત્વરૂપ ધર્મનું -(હેતુનું) સ્થાપન કરવામાં આવે છે' અર્થાત્ પ્રકૃતસ્થળમાં અનુમાનનો સ્પષ્ટાકાર તો આ પ્રકારે આલેખી શકાય કે 'પ્રમાણ-અવિપરીત અર્થનિર્ણયસ્વરૂપ છે કારણકે તેમાં પ્રમાણત્વરૂપ હેતુ વિદ્યમાન છે એટલે પ્રમાણરૂપ ધર્મો પ્રસિદ્ધ હોવાથી પક્ષરૂપ છે. તેમાં 'અવિપરીત અર્થનિર્ણયાત્મકતા'રૂપ ધર્મ સાધ્યરૂપે છે. અને પ્રમાણરૂપ પક્ષમાં વર્તમાન તથા પક્ષેતરમાં અવિદ્યમાન પ્રમાણત્વરૂપ ધર્મ હેતુ છે. જે સમ્યગ અર્થ નિર્ણય સ્વરૂપ નહોય, તે પ્રમાણ રૂપ પણ ન હોઇ શકે. આ પ્રકારે વ્યતિરેક વ્યાપ્તિ છે દા. ત. સંશયાદિ તથા ઘટાદિ સંશયાદિ તથા ઘટાદિ સમ્યગ અર્થનિર્ણય સ્વરૂપ નહિ હોવાથી પ્રમાણ રૂપ નથીજ. આ દૃષ્ટાન્ત રૂપ છે. જે ચર્ચાસ્પદ છે તે પ્રમાણ છે આ ઉપનય છે.

તેથીજ તે સમ્યગ અર્થનિર્ણયરૂપજ હોવું જોઇએ એ નિગમન છે હવે આપણે અનુમાનની નિર્દોષતા પ્રત્યે લક્ષ્ય દોરીએ.


# જાહેરખબર આપનાર બન્ધુઓને !

આપને ટુંકી ભલામણ કરીએ છીએ કે અમારા જાહેરખબરના ભાવો અન્ય સામયિકો કરતાં કેટલા સસ્તા છે તે આપને એક બીજાની સરખામણી કરવાથી જણાઇ આવશે. તમારી જાહેરખબર હજારો ભાઇ બ્હેનો વાંચશે માલની ઉંચી જાહેરાત થશે. ફક્ત એકજ વખત આપી ખાત્રી કરો.

....જાહેરખબરના ભાવો....

| | ૧ માસ | ૩ માસ | ૬ માસ | ૧૨ માસ |
|---|---|---|---|---|
| આખું પેજ રૂા | ૫) | ૧૨) | ૨૦) | ૩૦) |
| અડધું પેજ રૂા. | ૩) | ૮) | ૧૫) | ૨૫) |
| પા પેજ રૂા. | ૨) | ૫) | ૧૦) | ૨૦) |

જાહેરખબરની જગ્યા રીઝર્વ કરાવો આકર્ષક શૈલીથી ગોઠવાશે.

# મેતાર્ય મુનિવર.

લેખકઃ- અનામી.

"ચરણુ દુગંછા ફલ ચંડાલે
જનમ મેતારજ ઋષિયે
ચાલોને સખિ! વીર કને જઇ વસિયે"

પૂર્વ ભવમાં ચારિત્રની દુગંછા કરી, આરાધના કરતાં એટલી ખામી રાખી, દેવપણું ભોગવીને દુગંછાના ફળરૂપે ચંડાળને ત્યાં અવતાર લેવો પડયો. ભલભલાને કરેલા કર્મ ભોગવ્યા વિના છૂટકો થતો નથી. દેવની સહાયની ઋદ્ધિવાળા થયા. શ્રેણિક રાજાની પુત્રી પરણ્યા. સઘળું મૂકી ચારિત્ર લીધું.

સમતા અને ઇંદ્રિયદમન મુનિજીવનના બે ઉત્તમ આભૂષણ, એ એમના જીવનમાં ઓતપ્રોત બન્યા. તપ ધર્મમાં આત્મા લીન બન્યો. માસક્ષમણુની ઉગ્ર તપશ્ચર્યા કરે છે.

એક વખત માસક્ષમણુના પારણે સોનીના ઘેર ગોચરી લેવા ગયા. સોનીને હર્ષ થયો. પોતાના ઘેર કલ્પવૃક્ષ ફળ્યો એમ માન્યું. એ સોની શ્રેણિક રાજાનો કારીગર હતો, હંમેશાં એકસો આઠ સોનાના જવથી પ્રભુ આગળ રાજા સાથીયો કરતા, એના માટે સોનાના જવ આ સોની ઘડતો મુનિને વહોરાવવા માટે ઘડતો ઘડતો ઉઠયો, ઘરમાં જઇ લાડવા લઇ આવ્યો, તે અંદર ગયો છે એવા અવસરમાં એક પંખી આવ્યું, પેલા જવ પડેલા જોઇ ખાવાની ચીજ માની તે પંખી એને ચરી ગયું, મુનિએ આ જોયું. સોનીએ બહાર આવી મોદક વહોરાવ્યા. મુનિરાજ વ્હોરીને પાછા આવે છે, એવામાં સોનીની નજર જવ ઉપર પડે છે પણ જવલા દેખાતા નથી, સોનીને શંકા થાય છે. સાધુને પૂછે છે, પેલા પંખીના બચાવ માટે મુનિ કશો જવાબ આપતા નથી, સોની વ્હેમાય છે, જરૂર આ સાધુએ જ જવ ઉપાડયા. વ્હોરવાના બ્હાને આવીને મારા ઘરમાં રાજાના માલની ચોરીકરી, આવું વિચારીને એકદમ ક્રોધવાળો થઇ ગયો મુનિને પકડયા, ઉભા રાખ્યા, લીલું ચામડું લઇને આખા શરીરે જોરથી વીંટી દીધું, અને તડકે ઉભા રાખ્યા, જેમ જેમ ચામડું સુકાય છે તેમ તેમ શરીર ભીંસાય છે, હાડકાં ભાંગવા માંડે છે, ચામડી તૂટે છે, શરીરમાં વેદના પારાવાર થાય છે.

શરીરની બ્હાર જ્યારે આ સ્થિતિ છે ત્યારે અંદર આત્માની શું દશા છે? જેમણે આત્મા અને શરીરને એક માન્યા છે તેમને આ વખતે આર્ત-ધ્યાનનો, રૌદ્રધ્યાનનો, હાયવોયનો, પોકારનો, બૂમરાણનો પાર હોય નહિ, પણ શરીરને જ હું માનીને આત્માને ભૂલી જવો એ દશા બહિરાત્માની હોય, જેઓ અંતરાત્મદશામાં લીન બનીને પરમાત્મદશા પામવાના ઉદ્યમમાં ખૂબ રકત બન્યા હોય તે પુન્યવંત જીવો તો આવા અવસરને સાચી કમાણીનું સાચા

સુખનું ઉત્તમ સાધન માને. કારણકે પરિસહના અવસર સિવાય તો કર્મ ક્ષય થતો હોય તે થાય, પણ એકદમ ઘણા કર્મોનો નાશ કરવાનો અણમોલ અવસર તો આવા વખતે જ મલે, એમ માનીને આનંદમાં ગરકાવ બને. કારણ કે યોગ દશા વિહીનને બાહ્ય સુખ હોવા છતાં આંતરિક દુઃખ ભરેલુંજ છે, અને યોગ દશામાં આરૂઢ થયેલાને બ્હારનું દુઃખ હોવા છતાં અંતરમાં સુખનો સમુદ્ર ઉછળતો હોય છે. શરીરનું દુઃખ એ આત્માના સુખ માટે સહન કરવાનું હોય, તો એના જેવું ઉત્તમ બીજું કશું નથી જગતની જંજાળમાં અંધ બનેલા મારા તારામાં મરી પડેલા પામર જીવો પોતાના માની લીધેલા દુનિયાદારીના સુખની ખાતર ઓછું સહન કરતાં નથી, ઘણી ઘણી હાડમારી વેઠે છે, અનેકના ટુંકારા ખાય છે, કંઇકની ગુલામી કરે છે, ઘણાયના પગમાં પડે છે, જંગલમાં આથડે છે, દરીયામાં ઝંપલાવે છે, ન કરવાના કામો કરે છે, છતાં ધાર્યું કાંઇ થતું નથી. ઝાંઝવાના નીરની પાછળ દોડનારા, હરણીયાની માફક માથા પટકવાનો અને હેરાન થઇ જવાનો અવસર આવે છે. જ્યારે આ ભવના તુચ્છ નાશવંત થોડા કાળ સુધીજ રહેનારા સુખને માટે જગતનાં જીવો આટલું આટલું સહન કરે તો આત્મિક સુખના ઇચ્છક કેટલું સહન કરે ? આવા વિચારો વિના આવા ઉપસર્ગો સમભાવે સહન કરી શકાતા નથી. આવા અવસરે અજ્ઞાની જીવને સોની ઉપર ખેદ આવ્યા સિવાય રહે નહિ. આપણા છતાં વાંકે પણ ગુન્હો છૂપાવીએ અને એક વચન પણ સહન કરવાને તૈયાર ન હોઇએ, એ દશામાં વિના વાંકે આટલું ધીરતાપૂર્વક સહન કરવું એ જેવી તેવી હિમતવાળાનું કામ ન હોય બહાદુરી મારવામાં નથી પણ સહવામાં છે દેહાધ્યાસમાં લીન બનેલાની જે સ્થિતિ હોય એવા કરતાં મેતાર્ય મુનિવરની જુદી જ દશા હતી. એથી આ અવસરેને હોંશે વધાવે છે મહા કષ્ટદાયી ઉપસર્ગ કરનારને પણ કર્મ ખપાવવામાં સહાયક ગણી ઉપકારી માને છે મનમાં પણ રોષ નથી લાવતા. સોનીના દોષનો વિચાર માત્ર નથી, કરતા, પણ આત્માની નિંદામાં ઉતરી જાય છે.

હે ચેતન, વિચાર કર! ચોરાશી લાખ જીવાયોનિમાં તેં કેટલા દુખ સહન કર્યાં સાંભળતાં ધ્રુજ છૂટે હૈડું હચમચે એવા નરકના દુઃખો તેં પલ્યોપમ સાગરોપમ જેવા લાંબા કાળ સુધી સહન કર્યાં. તિર્યંચપણામાં ભૂખ, તરશ, પરવશતા, હાડમારી, છેદાવું, ભેદાવું, કપાવું વગેરે ખમવામાં શું બાકી રહ્યું? મનુષ્યપણામાં પણ ગર્ભાવાસ, જનમ, મરણ, રોગ, શોક, વિયોગ, ભય, આજીવિકાની ચિંતા, કુટુંબાદિકની પળોજણ, દેવ પણમાં ઇર્ષ્યા અને લોભ, વિષય, પરવશતાનો પાર નહિ. ચ્યવન સમયમાં દુઃખનો સુમાર નહિ. ચાર ગતિ અને ચોરાશી લાખ યોનિમાં તેં સુખ કયાં દીઠું? સંસારમાં દુઃખ સિવાય બીજું શું દેખાય છે? એ બધું તેં સહન કર્યું છે

પણ એ સહવાનું ફળ કશું મેળવ્યું નથી. માર ખાધો અને રઝળ્યો કોઇ જગ્યાએ ઠરીને ઠામ બેઠો નહિ તારૂં કશું ઠેકાણું પડયું નહિ હવે તો પરમ-તારક પરમાત્માના શાસનના પ્રતાપે ચિંતામણિ રત્ન કરતાં પણ અધિક ચારિત્ર તારા હાથમાં આવ્યું છે, માટે કાયરપણું મૂકી દેજે. તું વિચારતો ખરો પૂર્વના મહર્ષિઓએ કેવા કઠીન પરિસહ સહન કર્યા છે. ગજસુકુમાલના માથા ઉપર માટીની પાળ બાંધીને ખેરના અંગારા ભરવા છતાં આત્મા અડગ રહ્યો. દેહની સાથે કર્મ પણ બળી ગયા બહાર કોલસાની ભઠ્ઠી સળગે અને અંદર શુકલ-ધ્યાનની ભઠ્ઠી સળગે કર્મ સઘળાં નાશ પામ્યા અને તત્કાળ પરમપદને પામ્યા. વળી વિચાર કર !

પાપી પાલકે સ્કંધક સૂરિના પાંચસે શિષ્યને ઘાણીમાં પીલ્યા, છતાં એ મહા-નુભાવો બહાર ગુરૂ મહારાજ તરફ દ્રષ્ટિ અને અંતરમાં આત્મા તરફ નજર રાખીને થોડીજ વારમાં શાશ્વત ધામના વાસી બન્યા.

કીર્તિધર અને સુકોશળ સાધુ જંગલમાં ચાલ્યા જતાં સામી વાઘણ મળે, પિતા કહે છે કે હું વાઘણનો ઉપસર્ગ સહન કરવા જઉં, સુકોશળ કહે છે કે ના પહેલો હું સહન કરીશ, વાઘણના સામા જાય છે, વાઘણ પકડીને શરીર ફાડી ખાય છે, આત્માનીજ ચિંતવના કરતા મુનિવર મુક્તિમાં સીધાવે છે. મુનિના મૃત શરીરમાં સોનાની દાંતની રેખા જોઇને, વાઘણને જાતિ સ્મરણ થાય છે, પોતાનાજ પુત્રને મારવાથી પશ્ચાતાપ થાય છે. પતિ અને પુત્રે દીક્ષા લીધી પછી કીર્તિધર રાજાની રાણી સુકોશળની માતા માળ ઉપરથી પડીને મરણ પામે છે. આર્તધ્યાનના પ્રતાપે મનુષ્યભવ ગુમાવી વગડાની વાઘણ બને છે, એજ આ વાઘણે પુત્રને માર્યો, સમજ્યા પછી પશ્ચાતાપ થાય છે, કીર્તિધર મુનિવર વાઘણને ધર્મ પમાડે છે.

અરણિક મુનિવર, અગ્નિ જેવી ધખધખતી શિલા ઉપર અણશણ કરે છે, મીણની માફક શરીર ગળી જાય છે, અને ઉત્તમ ગતિને પ્રાપ્ત કરે છે.

બાહુબળજી વરસ સુધી એક સ્થળે ધ્યાનમાં ઉભા રહે છે, ટાઢ તડકા વેઠે છે, શરીર વેલડીથી વિંટાય છે અને પક્ષીઓ માળા ઘાલે છે, છતાં જરા માત્ર ચલતા નથી. આવા આવા અનેક દ્રષ્ટાંતરત્નો, જૈનશાસન રૂપી રત્નખાણમાં ભરેલાં છે. જે સાંભળતાં અને વિચારતાં આત્માને સાચી હિંમત આવ્યા વિના રહે નહિ. આ જાતિની આત્મ વિચારણામાં શ્રી મેતાર્ય મુનિવર આગળ વધે છે, શરીરના સાંધા ઢીલા પડતા જાય છે; તેમ કર્મ બંધન પણ ઢીલા થતા જાય છે, માથું ભીંસાય છે, આંખો નીકળી પડે છે, જેમ જેમ શરીરની પીડા વધતી જાય છે, તેમ તેમ ધ્યાનની ઉજ્વળતા પણ તીવ્ર બનતી જાય છે, ગુણસ્થાનકની શ્રેણિમાં આગળ વધાય છે, અનંત કાળથી સતાવી રહેલા કારમા અંતર શત્રુઓનો મૂળમાંથી

નાશ કરવાનો અવસર આવી લાગ્યો, મોહરાજાના મહાન લશ્કર સાથે છેવટનું યુદ્ધ થાય છે, ધર્મરાયના સૈનિકોનું જોર અત્યારે વધતું છે, જોકે આત્માની સાથે સદાકાળથી મોહરાયનું અને ધર્મ-રાયનું એમ બંને સૈન્ય રહેલા છે જ, અને જ્યાંસુધી પોતાના ઘરનું ભાન એને નથી હોતું, ત્યાંસુધી મોહરાયના પક્ષમાં એ ઉભો રહે છે, માલીકને મોહ રાજાની તરફેણમાં જોઇને, હિતની ઇચ્છાવાળું એવું પણ ધર્મનું સૈન્ય પોતાનો અવસર નથી એમ માનીને ચૂપ થઇ જાય છે, નિર્બળ પણ બની જાય છે, આત્માને તો એનું ભાન પણ હોતું નથી, પરંતુ જ્યારે આત્માની દશા ફરે છે, અને પરમાત્મ શાસનના બળે સાચી સમજણ, સાચી શ્રદ્ધા અને રૂડા સદાચારનો એનામાં પ્રચાર થાય છે, ત્યારે મોહરાજાના ઘરમાં ભંગાણ પડે છે, એના યોદ્ધાઓ કાયર બને છે, એકે-એકે નાસવા માંડે છે, ધર્મરાયના સૈનિકો એ દરેકને ત્રાસ પમાડીને નસાડી મૂકે છે, અને છેવટ બહુ બળ વધ્યે, એ કારમાં દુશ્મનો કોઇપણ વખતે આવી ન શકે એવી રીતે એમને કાઢી મુકવામાં આવે છે.

મેતાર્ય મુનિવરના અંતરમાં પણ આવું યુદ્ધ હવે છેલ્લુંજ હતું, એકે એકે મોહરાયના સુભટોને મારવાનું શરૂ કરી દીધું, ક્ષાયિક સમકિતે મિથ્યાત્વ મોહનીય નો એના બે નાનાભાઇ મીશ્રીમોહનીય અને સમક્તિ મોહનીય સહિત નાશ કર્યો, અનંતાનુબંધી ચોકડી મૂળથી ઉડાવી, ત્યારબાદ સાતમા ગુણસ્થાનકથી આગળ વધીને ક્ષપક શ્રેણિની શરૂઆત કરે છે, આઠમા નવમા દશમા ગુણ-સ્થાનકે અનુક્રમે મોહરાયના સર્વ સુભટો-નો નાશ કરે છે, બારમે ગુણસ્થાનકે ચડીને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ બાકી રહેલા ત્રણ ઘાતિ કર્મને ખપાવે છે, તેરમું ગુણસ્થાનક કેવળજ્ઞાન અને કેવળદર્શન એકી સાથે પ્રાપ્ત થાય છે, સાથે સાથે આયુષ્ય પુરૂં થાય છે, તેરમેથી ચૌદમે આવે છે, છેવટ અઘાતિ ચારે કર્મોનો ઘાત કરી નિષ્કર્મા થઇને સિદ્ધિ-પદને વરે છે, જ્યાંથી કોઇ કાળે પણ પાછા આવવાનું નથી એવા શાશ્વત અવિચળ ઉપદ્રવ રહિત સ્થાનને પામીને અનંતા સુખના ભોક્તા બને છે. ક્રોડો વંદનહો એવા મુનિપુંગવોને !

મુનિરાજ તો કાળધર્મ પામ્યા. સોનીના આંગણામાંજ આ બનાવ બને છે, એવામાં સોનીની સ્ત્રી લાકડાની ભારી લાવીને ફળીયામાં પછાડે છે, ધબાકો થાય છે, એનાથી પેલુ પંખી ભય પામે છે; ધ્રાસકો પડવાથી વિષ્ટા થઇ જાય છે, અને જવલા બધા બહાર નીકળે છે. સોનીએ તે જોયા, જવલા તો પંખી ચરી ગયેલ અને નિરપરાધી મુનિને માર્યા, આથી ગભરાય છે, મુંઝાય છે, પશ્ચાત્તાપનો પાર રહેતો નથી. રાજાના જમાઇ તેમજ પંચમહાવ્રતધારી મુનિવર, માસક્ષમણના તપસ્વી, કોઇપણ વાંક નહિ એવા, મહા મુનિને મારવાના ગુન્હા બદલ શી સજા

થાય, એ વિચારતાં સોનીના હૈયામાં ચિંતા વધી ગઇ, રાજા તરફથી આકરામાં આકરો આખા કુટુંબને મારી નાખવાનો દંડ થયા સિવાય રહેવાનો નથી, હવે શું કરવું? કાંઇ ઉપાય? વિચારતાં એકજ ઉપાય જડે છે, જો સંયમ લઇને મુનિ થઇએ. તોજ રાજ્ય શિક્ષાથી બચી જવાય, તેમજ કરેલા પાપનું પ્રાયશ્ચિત થઇ જાય. દીક્ષા લીધા સિવાય આખા કુટુંબને બચવાનો બીજો ઉપાય નહી જડવાથી સોની કુટુંબ સહિત સંયમ ગ્રહણ કરે છે, રાજ્યમાં ખબર પડી જાય છે, માણસો આવે છે, મુનિઘાતકારીને મુનિપણામાં જુએ છે તેથી કશું કરતા નથી આ રીતે બાહ્ય ઉપદ્રવથી બચીને અંતર ઉપદ્રવોને ટાળવા સહકુટુંબ સંયમની આરાધના કરે છે, ઉત્તમ રીતે ચારિત્ર પાળીને સદ્ગતિના ભાજન બને છે, પોતાના આત્માને તારે છે, કુટુંબનો ઉદ્ધાર કરે છે, પામવા જોગું પામી જાય છે, જીવન સફળ કરી જાય છે.

હજારો અભિનંદન હો! પરમાત્મ શાસનમાં લીન બનેલાં, પુન્યવંતા આત્માઓને! ભદ્રંભૂય.

## સ્વીકાર અને સમાલોચના.

**શ્રી નૂતન જિન સ્તવનમાલાદિ સંગ્રહ** રચયિતાઃ મુનિરાજશ્રી દક્ષવિજયજી મહારાજ આવૃત્તિ છઠ્ઠી કિંમત સદુપયોગ

આજલગીનાં પુસ્તકોમાં વિષયાનુક્રમણીકા શરૂઆતમાં મુકવામાં આવતી હતી ત્યારે કોક કોક ગ્રંથકારો પાછળ મૂકે છે આશય સમજાતો નથી.

પોકેટ સાઇઝની નાની પુસ્તીકામાં આમુખ, પ્રસ્તાવના પ્રકાશીય નિવેદન, ઉપસંહાર આટલું બધું આપતા પુસ્તકની કિંમત થોડી વધારે છે તે ઘટાડે છે. પ્રસ્તાવના લાંબી છે. દાખલા દલીલો આપી સંગીતનું રહસ્ય સમજાવવા પ્રયત્ન કર્યો છે. માનવ, દેવ ને તિર્યંચને પણ સરખું પ્રિય એવું સંગીત મન પર કોઇ અનેરી અસર કરે છે.

પ્રાચીન સ્તવનો બોલતાં આજે ઓછા થાય છે તેનું કારણ નાટકી રાગના સ્તવનો બહાર પડે છે ત્યારે આજે જે સમાજને તત્ત્વોમાં રસ નથી ફક્ત રાગપર જ મુસ્તાક છે તેવા જીવો માટે આજે ઉપયોગી થઇ પડયાં છે પ્રાપ્તિસ્થાન—ઇશ્વરલાલ મુલચંદ ફીકાભટની પોળ, અમદાવાદ.

---

દરેક જાતની આયુર્વેદિક દવાઓ મેળવવાનું વિશ્વાસપાત્ર સ્થાન

# શ્રી મહાવીર ઔષધ ભંડાર

બોટાદ (Kathiawar).

**એકી સાથે પાંચ રૂપીઆની દવા મંગાવનારને કમીશન ટકા ૩૩ આપવામાં આવશે. દવાઓ માટે અમારૂં સૂચીપત્ર મંગાવો.**

# જૈન-ન્યાય-પ્રવેશ.

લેખકઃ—
શ્રી સુમન

( ગતાંકથી )

કોઈ પણ વસ્તુના ભેદ-પ્રભેદના વર્ણન અગાઉ તેના સ્વરૂપનું-લક્ષણનું પ્રણયન કરવું આવશ્યક ગણાય. ઇતરથી (વિવક્ષિત વિષયથી ભિન્ન) વ્યાવૃત્તિ ભેદ તથા તે તે સમાન આકૃતિમંત પદાર્થોમાં એક રૂપતા અને એકજ શબ્દદ્વારા વાચ્યત્વ રૂપ અબાધિત વ્યવહાર તે લક્ષણ-પ્રણયનનું પ્રયોજન છે. વસ્તુના સામાન્ય જ્ઞાનાનન્તર તેના વિશેષ ધર્મ પરત્વે જિજ્ઞાસા પ્રગટે છે.

## પ્રમાણનું સામાન્ય લક્ષણ.

'જેના દ્વારા સ્વરૂપનો તથા અર્થનો અબાધિત નિર્ણય થાય' તે પ્રમાણ પ્રકૃત સ્થળમાં પ્રસિદ્ધ હોવાથી પ્રમાણ એ લક્ષ્ય છે. યાવત્ લક્ષ્યમાં વ્યાપક હોવા સાથે લક્ષ્યેતરમાં અવિદ્યમાન હોવથી તથાવિધ નિર્ધાર એ લક્ષણ છે. સ્વસ્વરૂપ યાતો અસાધારણ ધર્મજ લક્ષણરૂપે હોઈ શકે. લક્ષણ-વ્યવચ્છેદક. લક્ષ્ય-વ્યવચ્છેદ્ય.

વિવક્ષિત વસ્તુમાં હસ્તી ધરાવવા સાથે જે અવિવક્ષિત વસ્તુનો વ્યવચ્છેદક બને તે લક્ષણ. જેનો વ્યવચ્છેદ થતો હોય તે લક્ષ્ય. તે લક્ષ્યમાં લક્ષ્યતા નામક ધર્મનું અસ્તિત્વ હોય છે. તે લક્ષ્યતાનો અવચ્છેદક એક એવો ધર્મ હસ્તી ધરાવે છે કે જે લક્ષ્યમાત્રમાં અસ્તિત્વ ધરાવવા સાથે લક્ષ્યેતરમાં વિદ્યમાન્ નહોય. પૂર્વોક્ત લક્ષણનું લક્ષ્યતાવચ્છેદક સાથે સામાનાધિકરણ્ય-(જે લ. અ. નું અધિકરણ હોય તેજ અધિકરણમાં લક્ષણની વૃત્તિ હોવીજ જોઈએ પરંતુ લક્ષ્યતાવચ્છેદકના અભાવના અધિકરણમાં તેની વૃત્તિ નજ હોય. ) હોવુંજ જોઈએ

લક્ષણ અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ રૂપ દોષત્રયથી મુકત હોવું જોઈએ. જે લક્ષ્યતાવચ્છેદકના અમુક અધિકરણમાં વિદ્યમાન હોવા છતાંય અમુક અધિકરણમાં વિદ્યમાન્ ન પણ હોય તે લક્ષણ અવ્યાપ્ત.

જે લક્ષ્યતાવચ્છેદકના યાવત્ અધિકરણમાં અસ્તિત્વ ધરાવનાર હોવા છતાંય લક્ષ્યભિન્નમાં પણ હયાત હોય તે લક્ષણ અતિવ્યાપ્ત.

જે લક્ષ્યતાવચ્છેદકના યાવદ્ અધિકરણમાં અવિદ્યમાન હોય તે લક્ષણ અસંભવિત. ઉકત પ્રમાણ રૂપ લક્ષ્યનું પૂર્વોકત લક્ષણ કથિત ત્રણેય દોષોથી મુકત છે. કારણ કે તે પ્રત્યક્ષ, પરોક્ષ લક્ષણ વ્યકિતમાંજ વિદ્યમાન જ છે.

'પ્રમાણ' પ્રસિદ્ધ હોવાથી લક્ષ્ય છે અને 'સ્વ-પર નિર્ણાયક જ્ઞાન' અપ્રસિદ્ધ હોવાથી લક્ષણ છે કારણ કે જે પ્રસિદ્ધ હોય તે લક્ષ્ય કહેવાય છે અને તેના અનુવાદ પૂર્વક અપ્રસિદ્ધ અર્થનું વિધાન કરવામાં આવે તે લક્ષણાર્થ કહેવાય છે. તે તે અધિકારીને અનુલક્ષીને લક્ષ્ય-લક્ષણમાં પરિવર્તન થઈ શકે છે. લક્ષ્ય

પણ લક્ષણરૂપે અને લક્ષણ પણ લક્ષ્યરૂપે થઈ શકે છે. તે લક્ષણ લક્ષ્યનું સ્વરૂપ-આત્મભૂત પણ હોઇ શકે અને અનાત્મ-ભૂત-ઔપાધિક પણ હોઈ શકે. વહ્નિનું ઉષ્ણત્વ સ્વરૂપ છે જ્યારે અમુક વ્યકિતનું દંડ પ્રમુખ લક્ષણ ઔપાધિક છે.

પ્રકૃતમાં પ્રમાણનું પૂર્વોકત લક્ષણ આત્મભૂત છે.

ઉકત પ્રમાણ જ્ઞાન-ઉપયોગ રૂપજ હોઇ શકે કારણ કે તેજ અનભિમત-હેય અભિમત-ઉપાદેય અને ઉપેક્ષણીય અર્થના પરીહારમાં સ્વીકારકરાવવામાં તેમજ ઉપેક્ષામાં સમર્થ છે. તે તે વિષયોના તે તે રૂપે વાસ્તવ જ્ઞાનાન્તિરજ તે તે અભિલાષાના યોગે તે તે વિષયોમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ થઈ શકે છે. એટલે વસ્તુની પ્રતીતિમાં અત્યન્ત ઉપકારક હોવાથી જ્ઞાનજ પ્રમાણરૂપે હોઇ શકે.

યદ્યપિ વ્યાકરણના નિયમાનુસારે પ્રમાણ શબ્દની અનેકશઃ વ્યુત્પત્તિ શકય છે તથાપિ પરીક્ષાક્ષમ હોવાથી તેમજ ઇતરની પરીક્ષા તત્પુરસ્સર હોવાથી અને વિના વ્યવધાને પ્રમેયની પ્રમિતિજ-નક હોવાથી કરણ-કારકમાંજ પ્રમાણ શબ્દની વ્યુત્પત્તિ અભીષ્ટ છે.

પરંતુ તે જ્ઞાન દર્શન-સંશય-વિપ-ર્યાસ (મિથ્યા-ભ્રમ) કે અનધ્યવસ્તરૂપ ન જ હોવું જોઇએ. અર્થાત્ તે જ્ઞાન પ્રમાણાભાસ-અપ્રમાણ સમજવું. ઉકત ઉપયોગના બે પ્રકાર છે સાકાર, નિરાકાર.

જેના યોગે વિશેષ વિષયોનો (તે તે વ્યકિતઓનો) બોધ થાય તે સાકાર-જ્ઞાન. જેના યોગે સામાન્યનોજ મુખ્યત્વે બોધ થાય તે નિરાકાર ઉપયોગ-દર્શન. દા. ત. પ્રથમ વિષય અને ચક્ષુ પ્રમુખ ઇન્દ્રિયોનું યોગ્ય દેશાવસ્થાન થયા બાદ ક્ષયોપશમા-નુસારે તે સામાન્ય વસ્તુમાત્રનું (તેના પ્રકાર-વિશેષણાદિ વિના) જ્ઞાન થાય (વસ્તુમાત્ર છે વૃક્ષમાત્ર છે પરંતુ કયું છે તેનો ખ્યાલ નથી) તે નિરાકાર. (વિશેષ-આકાર-રહિત સત્તામાત્રનું ભાન). ઉપયોગ-દર્શન તદનન્તર તેના અવાન્તર સામાન્યનું તથા તે તે વિશેષોનું જે ક્રમિક જ્ઞાન થાય તે (વૃક્ષ પણ ધવ છે. ખદિર છે રક્તઘટ છે ઇત્યાદિ) સાકાર (વિશેષ વિષયક પ્રતિભાસ) ઉપયોગ જ્ઞાન.

વસ્તુના યા તો જ્ઞાનના તથાવિધ નૈસર્ગિક સ્વભાવના યોગે તેનું સર્વથી પ્રથમ નિર્વિશેષ જ (કેવળ સામાન્ય વિષ-યકજ) જ્ઞાન થાય છે.

ત્યારબાદ ક્રમશઃ વિકસતું તેના અવાન્તર ભેદ-પ્રભેદ વિષયક જ્ઞાન થાય છે.

તે તે વિષયોની પણ સત્તા હોવાથી અલબત્ત! તે પણ તે તે દર્શન-જ્ઞાનના ગોચર તો થાયજ છે કિન્તુ તે મુખ્ય-ગૌણ ભેદે સમજવા.

પ્રમેયનું સામાન્ય વિષયક જ્ઞાન સર્વ સાધારણ હોઇ તેમાં પ્રમાત્વ-અ-પ્રામાણ્યની ચર્ચા ન હોઈ શકે છતાંય સચોટ નિર્ધારાત્મક નહિ હોવાથી તેને પ્રમાણ કોટિમાં સ્થાનાર્પણ થયું નથી.

# ધન્ય વીર-જનેતા ! ધન્ય વીર પુત્રો !

લેખકઃ-મુનિરાજશ્રી બાહુવિજયજી.

ઉનાળાનો સમય છે. સૂર્ય પોતાના પ્રચંડ કીરણોને ચોતરફ ફેલાવી રહ્યો છે. દ્વારીકા નગરીમાં આવેલી એક ઉંચી હવેલીને જાણે કે વધુ પ્રકાશીત કરવા જ સૂર્ય તપતો ન હોય તેમ તપી રહ્યો છે. એ હવેલીની સ્વામિની આજે વ્હેલી સવારથી હર્ષઘેલી બનીને નાના બાળકની જેમ આમ તેમ દોડાદોડ કરી રહી છે. કોણ જાણે કે કેમ આજે કાંઇ અદ્દભૂત બનાવ બનાવાનો હશે? કે જેથી તે આટલી હર્ષ ઘેલી હશે? એટલામાં મનુષ્યના ધીમા પગલાનો અવાજ સંભળાયો, ધર્મલાભનો ધીરો-મીઠો અવાજ કાને અથડાતાં જ વસુદેવની પટ્ટરાણી દેવકી તે તરફ દોડી ગઇ.

બે સરખા કદના સરખી કાંતિવાળા જાણે બે અશ્વિનીકુમાર જ ન હોય તેવા બે મુનિઓએ આંગણામાં પ્રવેશ કર્યો. દેવકીએ તેમને વંદન કર્યું. યોગ્ય સત્કાર કરીને હર્ષથી તેમને પોતાના મહેલમાં લીધા. કૃષ્ણ માટે તૈયાર બનાવી રાખેલા મોદક દેવકીએ ભક્તિ ભાવથી મુનિઓને વહોરાવ્યા. મુનિ પાછા ફર્યા

અહા! તરણ તારણ મુનિરાજના પુણ્ય પગલાંથી આજે મ્હારો મહેલ પવિત્ર બન્યો સુપાત્રે દાન આપવાથી મ્હારો હાથ વિશુદ્ધ બન્યો. ધન્ય દિવસ આજનો! દેવકી આ રીતે વિચાર કરે છે તેટલામાંજ પુનઃ પગરવ સંભળાયો. એજ કાંતિ, એજ ચહેરો ને એજ બે શરીરો પુનઃ પ્રગટ થયા હર્ષિત થએલી દેવકીએ પુનઃ મોદક વહોરાવ્યા મુનિ પાછા ચાલ્યા ગયા.

'તેઓના રૂપ-કોમળતા-શીતળતા-શાંતતાનો ચિતાર મ્હોં સમક્ષ હવામાં

---

તે જ્ઞાનરૂપ પ્રમાણ સ્વ-પર-(અર્થ) રૂપ ઉભય પ્રમેયનું પ્રકાશક છે. અર્થાત્ જ્ઞાનનો વિષય (જ્ઞાનદ્વારા પ્રકાશ્ય) જેમ બાહ્ય-આંતર પ્રમેય છે તેમ પોતે પણ છે. અન્યથા અન્યતઃ પ્રકાશ્ય માનવામાં અનવસ્થાદિ દોષોપવનિપાત થઇ જાય. તાત્પર્ય એ કે સૂર્ય અથવા દીપક પ્રમુખ પ્રકાશકના પ્રકાશથી જેમ પ્રકાશ્ય ઘટ-પટ પ્રમુખનો પ્રકાશ થાય છે તેમજ તેઓનો પણ પ્રકાશ અન્તર્ગત પ્રકાશિત થઈ જ જાય છે અર્થાત્ તે સૂર્યાદિના જ્ઞાનમાં ઇતરના સ્હારાની અપેક્ષા કોઇ પણ રાખતું નથી તેમજ જ્ઞાનદ્વારા પણ પ્રમેય સાથે સ્વનો પ્રકાશ સાથેસાથ થઇ જ જાય છે એટલે જ્ઞાનને સ્વવિષયક જ્ઞાનોત્પાદ કરવામાં અન્યના સ્હારાની અપેક્ષા નથી. તાત્પર્ય એ કે જ્ઞાન સુખાદિવત્ સ્વસંવેદન સિદ્ધછે. (અપૂર્ણ)

કલ્પનાની પિંછીથી તે ચિતરવા લાગી. કેવું એમનું મનોહર શરીર! કેવી એમની અનુપમ કાંતિ! કેવું એમનું ગૌરવ! આ રત્નોને જન્મ આપનાર કયી વીર જનેતા હશે?' દેવકી વિચાર તરંગમાં ઝોલા ખાવા લાગી.

વિચાર વમળમાં ગુંથાએલી દેવકીની દ્રષ્ટિએ ફરી પાછા તેવાજ બે મુનિઓ ઝબક્યા. અહા! શું આ તે સ્વપ્ન કે સાચું?

સુપાત્રની ભક્તિના અણુમોલા પ્રસંગથી હર્ષઘેલી બનેલી દેવકીએ ફરીથી ભક્તિ ભરેલા ભાવથી મુનિઓને મોદક વહોરાવ્યા દેવકી તેમના લાવણ્યમય મુખ કમળને વિકસીત નયને નીરખવા લાગી. તે વાત્સલ્ય ભરી અમીદ્રષ્ટિથી મુનિઓને અનિમેષ નયને જોવા લાગી.

'અહો મુનિરાજ! કયા ભાગ્યશાળી માતપિતાને ધન્ય બનાવવા આપે અવતાર ધર્યો છે?' પોતાની આંખને તૃપ્ત કરવાનો દેવકીએ લાગ શોધ્યો.

'ભદ્દિલપુરનગરના નાગસારથી ને સુલસાના અમે છ પુત્રો છીએ. તમારે ત્યાં અમે બબ્બેના જોડકા રૂપે તમારે ત્યાં ત્રણવાર આવ્યા તેથી તમને કાંઇક આશ્ચર્ય થયું હશે? મુનિએ તેની શંકાને દૂર કરતા કહ્યું.

'નહિ નહિ મુનિરાજ! સુપાત્રની ભક્તિનો આવો અપૂર્વ લ્હાવો મ્હારા ભાગ્યમાં કયાંથી હોય? ખરેખર, આજે તો મારૂં ભાગ્યજ ફળ્યું, મારો જન્મ પણ આજે સફળ બન્યો પણ હે મુનીશ્વર! નવ-જોબનમય ઝૂલતી યુવાનીમાં જ આપે આ દુષ્કર ચારીત્ર કેમ સ્વીકાર્યું? તમને શાની ઉણપ હતી?' દેવકીએ મુનિને પૂછયું.

'ઉણપ! ઉણપ અમને શાની હતી' તેનો ચિતાર એકજ વાત કહેવાથી બસ થશે નાગ શેઠે અમને ૬ ને ૧૯૨ કન્યાઓ સાથે મ્હોટા આડંબરથી પરણાવ્યા.

૧૯૨ ક્રોડ સોનૈયા, ૧૯૨ ક્રોડ રૂપૈયા, ૧૯૨ સોના ચાંદીના રત્નજડીત સિંહાસનો, ૧૯૨ રાજભુવનો, ને તેટલાજ હાથી, ઘોડા, રથ, આદિ ઉત્તમોત્તમ વસ્તુઓની પહેરામણી સસરાએ કરી. દોગંદુક દેવની જેમ ભોગ ભોગવતા કેટલો કાળ વહી ગયો તેની અમને ખબર પણ પડી નહિ.

એકદા અમે સર્વે શ્રી નેમનાથ પ્રભુના સમવસરણમાં ગયા અહા! શું પ્રભુજીનું અલૌકીક અદ્દભુત રૂપ! શું પ્રભુજીના અતિશયો! શું પ્રભુજીનો મહિમા! અમે તો સઘળું જોઇને ઠરીજ ગયા. કોઇ વખતે નહિ અનુભવેલું સુખ અમે ત્યાં અનુભવ્યું. પ્રભુજીએ પુણ્ય-દેશના આપી પ્રભુજીની અમોઘ દેશનાથી અમે સંસારનું સ્વરૂપ પિછાન્યું, કે આ સુખથી પણ અધિક એવા સ્વર્ગીય સુખો અનંતીવાર ભોગવ્યા છતાં હજુ આ જીવ ન ધરાયો. કયાંથી ધરાય? કારણ કે તેમાં વાસ્તવિક સુખ આપવાની તાકાતજ નથી. તેવું સુખ તે સુખ નથી પરંતુ સત્ય રીતે દુઃખજ છે. પુરૂં નથી પણ અધુરૂં છે. ઉણપ વિનાનું નથી પણ ઉણપવાળું છે.

અમને તે સુખમાં ઉણપ લાગી તેથી ઉણપ વિનાના અનંત અવ્યાબાધ સાચા સુખને પ્રાપ્ત કરવા માટે અમે આ સંયમ સામ્રાજ્યને આ વયમાંજ સ્વીકાર્યું છે આટલું કહીને મુનિરાજ પાછા ફર્યા.

મુનિરાજનું જીવન સાંભળીને દેવકી તો પત્થરની પુતળીની માફક મૂઢજ બની ગઈ. તેના હૃદયમાં કાંઇ કાંઇ ભાવો તરવરવા લાગ્યા પણ તે કાંઇજ સમજી શકી નહિ. છેવટે પોતાના મુંઝાએલા હૃદયની ગુંચ ઉકેલવા તે શ્રી નેમનાથ પ્રભુ પાસે આવી.

પ્રભુજીને પ્રદક્ષિણા દઇ વંદન કરીને દેવકીએ વધુ ખુલાસો કરવા પૂછ્યું કે હે ભગવંત! આજે બબ્બે મુનિઓ ત્રણવાર મ્હારે ત્યાં આવ્યા તે છ મુનિઓ કોણ છે ને મ્હારૂં હૃદય કેમ મુંઝાય છે? તેનો ખુલાસો કૃપા કરીને મ્હને કહો.

પ્રભુજીએ કહ્યું કે હે દેવકી! એ છએ પુત્રો ત્હારાજ છે.

વીજળીનો કરંટ લાગ્યો હોય તેમ ઝબકી, હેં! શું મ્હારાજ એ પુત્રો? તે શી રીતે? પ્રભુએ કહ્યું કે સાંભળો—આ છ પુત્રના મામા કંસે એક વખત સાંભળ્યું કે વસુદેવના સાતમા પુત્રથી મ્હારૂં મૃત્યુ થશે એટલે તેને વસુદેવના પુત્રો પોતાને ત્યાંજ ઉછરે એવું વરદાન કંસે વસુદેવ પાસે માગી લીધું, ને તે બાળકો જન્મે કે તરતજ મારી નાંખવા એવો વિચાર કંસે કર્યો હતો. પરંતુ ભાવી કદાપિ મિથ્યા થતું નથી.

ભદ્દિલપુરમાં નાગ સારથિની ભાર્યા સુલસાને મૃત પુત્રો અવતરતા તેથી તેણે હરિણગમેષી દેવને આરાધ્યો એ દેવે ત્હારા જન્મેલા છએ પુત્રોને કંસના ક્રૂર પંજામાંથી બચાવીને તે સુલસાને સોંપ્યા ને સુલસાના મૃત પુત્રો તને આપ્યા એકદા તે છએ પુત્રોને વૈરાગ્ય થતાં તેમને સાથે દીક્ષા લીધી ને સાતમો પુત્ર કૃષ્ણ યમુનાતીરે યશોદાને ત્યાં મ્હોટો થયો ભગવાનની આ સત્ય વાત જાણીને દેવકી પોતાને ઘેર ગઇ. (ત્યારબાદ તે છએ મુનિઓ તીર્થાધિરાજ શ્રી સિદ્ધગીરિ ઉપર અનશન કરીને ઉજ્જવળ ધ્યાનથી મોક્ષે ગયા)

(૨)

દેવકી પોતાના મ્હેલમાં ઉદાસીન ચહેરે બેઠી છે. ચિંતાથી તેનું મ્હોં તદ્દન લહેવાઇ ગયું છે. તેનું ચિત્ત ચગડોળે ચડયું છે, તેટલામાં કોઈ ચાકરે તેને કહ્યું કે કૃષ્ણ, આપને વંદન કરવા આવે છે. આ સમાચાર સાંભળીને પણ દેવકીના ચિંતાતુર ચહેરામાં કાંઈપણ પરિવર્તન ન થયું.

પૂજ્ય માતુશ્રી! આપનું ચિત્ત આજે સ્વસ્થ કેમ નથી દેખાતું? કૃષ્ણે વંદન કરીને માતાની ચિંતા દૂર કરવાનો પ્રયત્ન કર્યો

સાત સાત પુત્રો છતાં એક પણ પુત્રને ઉછેરીને મ્હોટા કરવાનો લ્હાવો હું ન લઇ શકી. હા! હવે હું શું કરૂં? દેવકીએ પોતાના દુઃખની તીવ્ર વેદના સમજાવતાં કૃષ્ણને કહ્યું.

દુ:ખની પરાકાષ્ટાએ પહોંચેલી દેવકીના દુ:ખને દૂર કરવા કૃષ્ણે અઠ્ઠમ તપની આરાધના કરીને દેવને પ્રગટ કર્યો. તપના પ્રભાવથી ખેંચાએલા દેવે હર્ષ પૂર્વક કહ્યું કે દેવકીને એક પુત્ર રત્નની પ્રાપ્તિ થશે એમ કહીને દેવ અદ્રશ્ય થઈ ગયો. આ વાત સાંભળીને દેવકી હર્ષઘેલી બની.

દેવકીને ગર્ભના પ્રભાવથી ઉત્તમ પ્રકારના દોહદો થવા લાગ્યા ને તે વસુદેવે પૂર્ણ કરાવ્યા પૂર્ણ સમયે દેવકીએ એક પુત્ર રત્નનો જન્મ આપ્યો રાજા વસુદેવે તે પુત્ર રત્નનો જન્મોત્સવ ઉજવીને તેનું નામ ગજસુકુમાળ રાખ્યું.

કમળની જેમ ગજસુકુમાળ ખીલવા લાગ્યો, હજુ યુવાનીના પગથીએ પગ પણ મૂકયો નથી, ત્યાં તો શ્રી નેમનાથ પ્રભુજીની પુણ્ય દેશના સાંભળીને તેને વૈરાગ્ય થયો. સત્યનો પંથ તેણે જાણ્યો. ન્હાના ન્હાના ગભરૂ બાળકોમાં જે પ્રકારનાં સંસ્કારનું સિંચન થાય છે, તેવું તેનું ફળ પણ બહુધા પ્રાપ્ત થાય છે. આજે પણ ગળથુથીમાંથી બાળકોને જો સુંદર સંસ્કારોનું સિંચન કરવામાં આવે તો આ કલિકાળને સ્થળે સત્ય યુગ બની જાય એમાં કાંઇપણ અતિશયોકિત નથી, પુત્રના સાચા હિતને ઇચ્છતી કઇ જનેતા સત્યના પંથે જતા પુત્રને જોઇને ન હરખાય? તેમ પ્રભુજીની પુણ્ય દેશના પુત્રને રૂચી ગઇ તે જાણીને દેવકી પણ હર્ષ પુલકિત બની.

પણ ગજસુકુમાલને તો તે વૈરાગ્ય દેશનાથી સાચો વૈરાગજ પ્રાપ્ત થયો હતો, એટલે તરતજ તે સંયમ સામ્રાજ્ય સ્વીકારવાને સજ્જ બન્યો. પુત્ર આમ એકાએક અચાનક સાહસ ખેડશે એવી તો કલ્પના દેવકીને સ્વપ્ને પણ ન હતી. તેથી તે તરતજ મૂર્ચ્છા પામી. કૃષ્ણાદિક સર્વે સજ્જનો દુ:ખીત બન્યા. અહો! મોહનું સામ્રાજ્ય કેટલું પ્રબળ છે?

'અહો! ગજસુકુમાલ! પુષ્પની કલી હજુ ખીલી નથી ત્યાં તો તમે તોડવાની વાત કરો છો, કયાં તમારી સુકોમળ કાયા! ને કયાં ખાંડાની ધાર! કયાં તમારી કુમળી વય! ને કયાં દુષ્કર ચારીત્ર! તે તો બધું ઠીક પણ અમારૂં એક વચન એકવાર તો રાખો, પછી તમને જે યોગ્ય લાગે તે કરજો'. કૃષ્ણે ચારીત્ર લેતા અટકાવવાની યુકિત શોધી.

'જો તમે સર્વે મ્હને ચારીત્ર અપાવવા કબૂલ થતા હો તો તમારૂં વચન મ્હારે પણ કબુલજ છે.' ગજસુકુમાલે પોતાનો માર્ગ સરળ બનાવતા કહ્યું.

ગજસુકુમાલનું આ વચન સાભળતાંજ દેવકી, કૃષ્ણાદિ સર્વે હર્ષિત બનીને તેમનો રાજ્યાભિષેક કર્યો. સર્વત્ર ગજસુકુમાલની આણ વર્તાવી. ગજસુકુમાલ મૌન રહ્યા.

અહા! કયાં ચાલી ગઇ ત્યારે તેમની વૈરાગ્યની ઉર્મિઓ! કયાં ગયું તેમનું શૂરાતન! કે જેથી ગજસુકુમાલ મહર્ષિને બદલે રાજર્ષિ બની બેઠા. શું? ત્યારે તેમનો વૈરાગ્યનો રંગ કાચો હતો? નહિ, નહિ, સિંહ ગમે તેવા દુશ્મનના

ટોળામાં ફસાયો હોય તોપણ તે જાણે છે. સમજે છે, ને પ્રસંગ આવતા જરૂર તે ત્રાડ નાખીને તેમાંથી છૂટીજ જાય છે. તેમ સંસારના કીચ્ચડમાં ફસાએલા ગજસુકુમાલ પણ તેમાંથી છૂટવાની તકજ શોધી રહ્યા છે.

'મહારાજ! જે આજ્ઞા હોયતે હવે આપ અમને ફરમાવો' કૃષ્ણે સંપૂર્ણ સત્તા સોંપીને ગજસુકુમાળને કહ્યું.

'હજાર સોનૈયાનો ધર્મ ધ્વજ લાવો, હજાર સોનૈયાની મુહપત્તી લાવો, હજાર હજાર સોનૈયાના વસ્ત્રપાત્રાદિક દીક્ષાની સર્વ સામગ્રી લાવો' ગજસુકુમાલે સંસાર માયામાંથી છૂટવાની તક સાધતાં સેવકોને આજ્ઞા ફરમાવી.

રાજાનો હુકમ મુખમાંથી નીકળતાંજ સર્વ સેવકોએ ઝીલી લીધો. આજ્ઞાપાલક અનુચરોએ જોતજોતામાં તો તે સર્વ સામગ્રી ખડી કરી દીધી, કે તરતજ સુકુમાળ રાજાએ રાજ્ય સામ્રાજ્યનો ત્યાગ કરી સંયમ સામ્રાજ્ય સ્વીકાર્યું, ગજસુકુમાળ રાજર્ષિ મટી મહર્ષિ બન્યા, સંસારી મટી સાધુ થયા

(૩)

સંધ્યાનાં આછા અજવાળાં હમણાંજ ઓસર્યાં છે. ધીમે ધીમે અંધેર પીછેડો ચોતરફ ફેલાવા લાગ્યો છે. જંગલી જાનવરોના ભયંકર શોરબકોરો સંભળાવા લાગ્યા છે. ભૂતપ્રેતોની કારમી કીકીયારીઓ વધવા લાગી છે, ઠેર ઠેર હાડકાંનાં ઢગલા પડેલા છે, દૂર દૂર ભડકા સળગતા દેખાય છે, મરેલા મડદાઓ છૂટાં છવાયાં પડેલા છે. આવા ભયંકર સ્મશાનમાં સુકુમાળ મુનિ પ્રભુજીની આજ્ઞા લઇને કાઉસગ્ગ ધ્યાને સ્થિર રહ્યા છે. અહા! કયાં રાજ મહેલ! ને કયાં સ્મશાન! કયાં ગજસુકુમાળની કોમળ કાયા! ને કયાં કડકડતી કાતિલ ઠંડી! શું આ મુનિને કાંઇ નહિ થતું હોય? ધ્યાનમાંજ સ્થિત રહેલા છે. ધન્ય સુકુમાળ તમારા મનોબળને!

શુકલધ્યાનની શ્રેણિ શિખર સુધી વધવા લાગી. દોરડું પકડવાનું મલે કે તરતજ ઉપર જવાની ઢીલ હતી. પણ એ દોરડું, એ સાહિત્ય કેમ મળે? પૂર્વભવમાં કર્મ દળને બાળી નાંખ્યા છે જેને, તેવાઓને તે સાધન મળવું પણ સુલભ હોય છે.

ભાગ્યયોગે સોમિલ નામનો બ્રાહ્મણ ત્યાં આવી ચડયો. તેણે પોતાની પત્નિની નામની કન્યાનો વિવાહ તેની સાથે કર્યો હતો, પરંતુ તે કન્યાને તજીને મોક્ષવધુને વરવા સુકુમાળ તો ચાલ્યો ગયો, એટલે તે બ્રાહ્મણ ખૂબજ ક્રોધે ભરાણો. તે શાંત મુનિને જોતાં તે બ્રાહ્મણની આંખમાંથી અમી ઝરવાને બદલે અગ્નિ ઝરવા લાગ્યો. તેને ક્રોધ રોમ રોમ વ્યાપી ગયો તે મુનિને કહેવા લાગ્યો કે મ્હારી પુત્રીના જન્મને બગાડનાર રે દુષ્ટ! આજે હવે ત્હારૂં આવી બન્યું, યાદરાખ! તેના ફળ હમણાંજ હું તને પ્રત્યક્ષ બતાવું છું, એમ કહીને તે બ્રાહ્મણ ચીકણી ભીની માટી લાવ્યો, ને ઋષીના મસ્તક ઉપર માટીની પાળ બાંધી ને અંદર ભર્યા ખેરના ધીકતા અંગારા. અંગારાની સગડી સળગાવી, ધીકતા અંગારા ક્રોધની લાલાશનો વેગ ધરાવતા હતા.

અરે ! અરે ! જુઓ, પેલો અગ્નિ તપે છે તેમાંથી ભડકા નીકળે છે તણખા ઉડે છે.

અરે! અરે! પણ આ ખદખદ અવાજ શાનો? હા! બાળ મુનિની ખોપરી બળવા લાગી અહો! કેવો ત્રાસ !

અરે! અરે! હાડ બળવા લાગે છે, ફટફટ અવાજ થાય છે. ચામડી પણ તડતડ તૂટે છે ત્રાહિ ત્રાહિ.

ઓ નિર્દય બ્રાહ્મણ! શું આ આર્યને છાજતું કામ કરે છે? આ કરૂણ દૃશ્યથી હર્ષિત થતી ત્હારી આંખો કેમ ફૂટી જતી નથી! લાગણી વિનાનું ત્હારૂં આ કઠોર કાળજું કેમ આ જ અંગારામાં બળી જતું નથી? અહો મુનિવર આ વેદના.

પણ સબુર! વાચક સબુર! કાયરતાનો વસવાટ મહા પુરૂષોમાં શોધ્યો પણ જડતો નથી. જ્ઞાનીઓ કે જેને રગેરગે વૈરાગ્ય વ્યાપી ગયો છે. સંસારને ભોગવ્યા વિના પણ દુઃખપૂર્ણ જાણી લીધો છે, જેણે શરીરની સંભાળને સદા ગંગાના પ્રવાહમાં વહેતી મૂકી છે, જેણે આત્મા ને તેના ઘરની જુદાઇ જાણી છે, તેને તે વિદેહીને દેહબળવાથી શું થવાનું હતું? વિષ્ટાથી ખરડાએલા વસ્ત્રને તજી દેવામાં શી હાયવોય હતી? અહો! એણે અસંખ્ય વરસો ને કાળ જોયા છે, દ્વારીકાના દાહથી પણ ભયંકર અસંખ્ય દાહો જોયા ને ભોગવ્યા છે. તેને આ શરીરના દાહથી શું પીડા છે? તે બચો કે બળો, ઝળો તેથી તેનું શું જવાનું છે?

ચતુર વાંચક ! જે મહાત્માની જીવન-વાર્તા ચાલે છે, તેનો તાદ્રશ્ય ચિતાર ત્હારી દ્રષ્ટી સમક્ષ ખડો કરીને ત્હારી જાત ઉપર ઘટાવ, ને ત્હારા આત્માને જરા તોલી જો–તેની સાથે જરા સરખાવી જો. જે સુકુમાળ રાજ-પુત્રની રીદ્ધિસિદ્ધિનો ખ્યાલ કરવો તે પણ આજે દુઃશક્ય ગણાય તેજ સુકુમાળ બાળમુનિ હસતે મુખે ને ઠંડે કલેજે આ બધું શાંતિથી સહન કરે છે. કારણ ? કારણ એકજ છે કે તેમને સાચું સુખ પ્રાપ્ત કરવું છે. જો ત્હારે પણ સાચું સુખ પ્રાપ્ત કરવાની કાંક્ષા હોય, ત્હારા જીવનને ઉર્ધ્વગામી બનાવવાની સદ્ઇચ્છા પ્રગટી હોય તો આ મહાત્માની જીવન-વાર્તામાંથી વિવેકપૂર્વક ઘટતો વિચાર તું પણ ત્હારી જાત માટે જરૂર ઘડી લેજે. અસ્તુ—

સુકુમાળ મુનિ આ બ્રાહ્મણને તો પોતાનો સાચો ઉપગારી માને છે. કોઇ સસરો તો લાખ, બેલાખ કે કરોડ રૂપીઆની પાઘડી બંધાવે પરંતુ આ સોમિલ સસરાએ તો મોક્ષની પાઘડી બંધાવી. પ્રાંતે શુકલ ધ્યાનમાં આરૂઢ થયેલા તે યોગીરાજ મોક્ષ લક્ષ્મીને પામ્યા. ધન્ય વીરજનેતા ત્હારી રત્ન-કુક્ષીને! કે જેના આઠ પુત્રોમાંથી સાત સિદ્ધિપદને પામ્યા. ને એકે તીર્થંકર નામગોત્ર બાંધ્યું.

ધન્ય યોગીરાજ ત્હમારા વ્રતને !
ધન્ય સુકુમાળ ત્હમારા અડગ બનોબળને!

———